વીવેકપંથી

૭૧

ફેબ્રુઆરી ૨૦૦૮

તંત્રી : ગુલાબ ભેડા

કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૩.
ફોન : ૨૮ ૩૮ ૮૮ ૯૧

પુસ્તક રેશનાલીઝમના પ્રચાર માટે મુલ્યવાન છે

...તોય કાન્તી ભટ્ટનો આતમરામ કેમ જાગતો નથી એવો પ્રશ્નેય મને અંગત રીતે થાય છે

"ગોડ ઈઝ નોટ ગ્રેટ"વાળા હીચેન્સ ઈઝ ગ્રેટ !

– રમણ પાઠક 'વાચસ્પતી'

પીટ પત્રકાર આદરણીય મીત્ર કાન્તી ભટ્ટનો આપણે અવશ્ય આભાર માનીએ. તેઓએ 'વીવેકપંથી'-૬૯, ડીસેમેબર-૦૭માં આપણને બે ત્રણ અતીસુંદર 'રેશનાલીસ્ટ' – વીવેકબુધ્ધીવાદનાં પ્રસારક-પ્રચારક પુસ્તકોનો અગુલીનીર્દેશ કર્યો. સાથે સાથે જ અમેરીકાના નવોદીત તથા પ્રખર બુધ્ધીવંત, મેધાવંત અને ખંતીલા એવા રેશનાલીસ્ટ પત્રકાર ક્રીસ્ટોફર હીચેન્સનો પરીચય કરાવ્યો અને તેઓના સત્ત્વશીલ, તત્ત્વસમૃધ્ધ એવા વીવેકબુધ્ધીવાદ-સમર્થક પુસ્તક 'ગોડ ઈઝ નોટ ગ્રેટ'નો ઉલ્લેખ કર્યો : આ પુસ્તક નહીં, પણ ગ્રંથ છે, જે પશ્ચીમી બુધ્ધીશીલો – ઈન્ટેલેક્ચ્યુઅલ્સમાં ખુબ લોકપ્રીય બન્યો છે, જે સુચવે છે કે રેશનાલીઝમના ભાવી બાબતે આપણે આશાવંત બની શકીએ.

મીત્ર કાન્તી ભટ્ટને સાભાર જણાવું કે 'ગોડ ઈઝ નોટ ગ્રેટ' પુસ્તક મેં મેળવી લીધું છે. ખુશ છું. પ્રભાવીત છું... એને 'ગ્રંથ' કહેવાનું કારણ એ જ કે એ પુરાં ૩૦૭ પૃશ્ઠોમાં વીસ્તરે છે અને એને હું તો 'ધર્મગ્રંથ' જ કહું; કારણ કે એની સામ્રગી આપણા આ નુતન 'ધર્મ' (જેને માટે અંગ્રેજી 'રીલીજીઅન' શબ્દ અલબત્ત બંધબેસતો નહીં થાય, પરંતુ આપણા મુળ સંસ્કૃત અર્થમાં તે અહીં જરા શબ્દખેલ ખાતર જ હું પ્રયોજું છું) રેશનાલીઝમના પ્રચાર માટે મુલ્યવાન છે. હીચેન્સને આજે ત્યાંનાં સામયીકો તથા સજાગ જનતા 'આપણા યુગનો સૌથી વધુ તેજસ્વી પત્રકાર' લેખાવે છે.

'ગોડ ઈઝ નોટ ગ્રેટ' પુસ્તક આપણા રેશનાલીસ્ટ બંધુઓએ તો વાંચવું જ જોઈએ, પણ આસ્તીકોએ તો તે ખાસ વાંચવું ઘટે. કારણ કે સત્યના જ્ઞાન, તર્કની વીશુધ્ધતા તેમ જ વીવેકપુર્ણ બુધ્ધીપ્રજ્ઞા અને રુઢીગત સંસ્કાર (કુસંસ્કાર)માંથી મુક્ત થવાની ક્રાંતીકારી હીંમતમાં આસ્તીકો ઘણા ઉણા ઉતરે છે. ખેર! અત્રે પુસ્તકનો વીગતે પરીચય તો કેવી રીતે આપી શકું ? પરંતુ કેટલાંક પ્રકરણોનાં શીર્શક ટાંકું, જે સુચવી શકશે કે, આ રેશનાલીસ્ટ ગ્રંથની ઉત્તેજક, પ્રેરક, પ્રતીતીકારક સામગ્રી કેવીક છે:

૧)ધર્મ માણસને મારી નાખે છે – રીલીજીઅન કીલ્સ

૨)આરોગ્યની સ્વસ્થતા માટે ધર્મ હાનીકારક છે

ડો. બી. એ. પરીખનું સન્માન

રેશનાલીઝમના પ્રખર અભ્યાસી ચીંતક ડો. ભાનુપ્રસાદ અમૃતલાલ પરીખે તેમના ઓજસ્વી જીવનના ૭૫ વર્શ તા. ૩૦મી નવેમ્બરે પુરાં કર્યા તેનો અમૃત મહોત્સવ **ડૉ. ગીરીશ કાઝી**ના પ્રમુખસ્થાને યોજાયો છે.

સમય : રવીવાર તા. ૨૪-૨-૦૮ સવારે ૧૦ વાગ્યે

સ્થળ : તારામતી હોલ, કોલેજ કેમ્પસ, ચોપાટી, આઠવા લેન, સુરત.

વીવેકપંથીના સસ્નેહ વધામણાં

૩) ધર્મ દ્વારા કરવામાં આવતા અમુર્ત–કપોળકલ્પીત (મેટાફીઝીકલ) તર્ક દાવા જુઠા છે
૫) ઈશ્વરીય આયોજનની દલીલો જુઠી
૬) 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ'માંની સાક્ષાત્કારની વાતો ભયાનક દુ:સ્વપ્ન
૭) ધર્મનો ભ્રશ્ટ પ્રારંભ
૧૧) શું ધર્મ માનવીનાં નીતી–વ્યવહાર સુધારી શકે છે ?
૧૩) પુર્વનાં ધર્મચીંતનમાં પણ માનવજાતના પ્રશ્નોનો કોઈ ઉકેલ નથી
૧૪) ધર્મ પોતે જ પ્રથમ પાપ–ઓરીજીનલ સીન છે
૧૫) હવે નવજાગૃતી અનીવાર્ય છે –
૧૯) ઉપસંહાર

ધર્મ સાથેના સંઘર્શને કારણે હીચેન્સને અંગત રીતે જે કડવા અનુભવો થયા, તેનું પણ તે બયાન કરે છે અને એ સાથે વીજ્ઞાન અને તર્કવીવેક (રીઝન) ઉપર આધારીત એવી ધર્મરહીતતાની હીમાયત તે કરે છે.

સ્વર્ગનીવાસી દેવોને બદલે 'હબલ ટેલીસ્કોપ'ની સાધના પુજા કરવાની હવે અનીવાર્યતા છે, એમ હીચેન્સ દર્શાવે છે. તે લખે છે કે, ધર્મે આપણા ઉદ્‌ભવને, આપણાં સ્વભાવ–પ્રકૃતીને તથા બ્રહ્માંડના ખરા દર્શનને વીકૃત કરી નાખ્યું છે. આપણાં બાળકોને ધર્મનું શીક્ષણ આપવું એ મહાપાપ છે.... વગેરે

આવાં સમર્થ, નેત્રદીપક પુસ્તકો વાંચ્યા પછીય, એની સામગ્રીનો ભાવાત્મક રીતે આમ પ્રચાર કર્યા છતાંય, સ્નેહી–મીત્ર કાન્તી ભટ્ટનો આતમરામ હજી કેમ જાગતો નથી એવો પ્રશ્નેય મને અંગત રીતે થાય છે..... ખેર હમણાં જ અમેરીકાથી મળેલાં અન્ય ત્રણ એવાં જ સમર્થ પુસ્તકોની કેવળ નામોલ્લેખથી જ ભલામણ કરીને વીરમું :

(૧) 'ધ પોર્ટેબલ એથીસ્ટ' (પૃ.૫૦૦) સંપાદન તથા પ્રસ્તાવના લખનાર ક્રીસ્ટોફર હીચેન્સ
(૨) એથીસ્ટ મેનીફેસ્ટો – લે. મીચેલ ઓનફ્રાય
(૩) કલ્ચર કેન કીલ –લે. એસ સુબોધ

આ છેલ્લું પુસ્તક ભારતીય લેખકનું છે, જે પ્રથમ અમેરીકાથી પ્રસીધ્ધ થયેલું પરંતુ હવે, લોકવાંગ્મય ગૃહ પ્રા.લી. ભુપેશ ગુપ્તા ભવન, ૮૫ સયાની રોડ, પ્રભાદેવી, મુંબઈ – ૨૫ દ્વારા પણ પ્રકાશીત થયેલું છે.

આ સત્ત્વશીલ પુસ્તક સુચવે છે કે આપણી ધાર્મીક તથા ઈતર માન્યતાઓ આપણા પરંપરાપ્રાપ્ત અને ધાર્મીક સંસ્કારોએ જ ભારતદેશનો વીનાશ નોતર્યો છે.

બર્ટ્રાન્ડ રસેલ કે આઈન રેન્ડથી પછીની પેઢીના અને આજે હયાત એવા પ્રકાંડ રેશનાલીસ્ટ લેખકોનો પરીચય કરાવવા બદલ પુન: પુન: મીત્ર કાન્તી ભટ્ટને હાર્દીક ધન્યવાદ સાથે, આવું કરાવતા જ રહેશો એવી અરજ–ગુજારત !

કાન્તી ભટ્ટ ભલે પધાર્યા; એમનું ભાવભીનું સ્વાગત છે:

– લક્ષ્મીદાસ ખટાઉ

કોઈ કંપની બોનસ જાહેર કરે ત્યારે તેના શેરધારકોને જે આનંદ થાય, અથવા અણધારી લોટરી લાગી જતાં તે પામનારને જેટલો આનંદ થાય, તેટલો આનંદ વીવેકપંથી–૬૯ ડીસેમ્બર ૦૭ના અંકમાં કાન્તી ભટ્ટના બે મનનીય લેખો વાંચીને રેશનાલીસ્ટ વાચકોને થયો હશે.

કાન્તી ભટ્ટ જેવા પ્રખર કલમબાજ રેશનાલીઝમને સુસંગત વીચારો વ્યક્ત કરે તે લાખો વાચકો સુધી પહોંચે અને અંધશ્રધ્ધા–અંધમાન્યતા નીવારણ પ્રવૃત્તીને સારો વેગ મળે. આ જ કારણે અમે 'વીવેકપંથી'ના નામે કાન્તી ભટ્ટને 'ભલે પધાર્યા' કહીએ છીએ. તંત્રીએ જવાહર મહેતાના મોકલેલા તેમના તા. ૧૫ અને ૧૮ સપ્ટેમ્બરના બે લેખો 'વીવેકપંથી' માટે સુસંગત લાગતાં સ્વીકાર્યા તે પણ કાન્તી ભટ્ટને ઉશ્માભર્યો આવકાર જ છે. મારું સુચન છે કે કોઈપણ ગણમાન્ય લેખકોના રેશનાલીઝમ સાથે સુસંગત વીચારો 'વીવેકપંથી' માટે સ્વીકારતા જ રહેવું જોઈએ – કોઈપણ જાતના પુર્વગ્રહ વીના.

કાન્તી ભટ્ટ જે વીચારો રજુ કરે તે લાખો વાચકો સુધી પહોંચે

અગાઉ ૨૦૦૩ના નવેમ્બરમાં 'ગણપતીને પાંચ દીવાથી ચમત્કાર થઈ શકે ?' એ શીર્શકના ગુજરાત સમાચારના કાન્તી ભટ્ટના લેખના સારાંશ સાથે મેં 'વીવેકપંથી'માં મારો પ્રતીભાવ આપ્યો હતો, 'કાન્તી ભટ્ટ પડકાર ઝીલશે?' એ શીર્શકે. મેં તે લેખના પહેલા જ ફકરામાં લખ્યું હતું, "ગણપતીના પાંચ દીવાથી ચમત્કાર થઈ શકે ?" એવો પ્રશ્ન પુછીને હા, તે શક્ય છે તેવું પ્રતીપાદન કરવાનો ઉઘાડો પ્રયત્ન કાન્તી ભટ્ટ જેવા વીચારશીલ, પીઢ અને બુધ્ધીશાળી લેખક કરે ત્યારે જબરો આશ્ચર્યાઘાત લાગે. એમણે લેખમાં ઘણી અવૈજ્ઞાનીક વાતો કરી છે, આધારહીન માહીતીઓ આપી છે અને શંકાસ્પદ ઘટનાઓ રજુ કરી છે."

એમના વીચારોમાં આવેલું પરીવર્તન એક શુભસંકેત છે

આની સામે ડીસેમ્બર ૦૭ના એમના બે લેખોમાં ક્યાંય તર્કદોશ કે હકીકતદોશ શોધ્યો જડતો નથી. ૨૦૦૩ અને ૨૦૦૭ વચ્ચેના ચાર વર્શમાં એમના વીચારોમાં આવેલું પરીવર્તન એક શુભ સંકેત છે.

કાન્તી ભટ્ટ પ્રમાણીકપણે કબુલે છે કે તેઓ ઈશ્વર અને ધર્મમાં માને છે. ભલે માને. તેમને એમ કરવાનો અધીકાર છે. આઈન્સ્ટાઈને પણ કહ્યું છે કે, મનુશ્યના જીવનમાં દખલગીરી કરે તેવા ઈશ્વરમાં તેઓ માનતા નથી. જો કે કાન્તી ભટ્ટની જેમ તેઓ ઈશ્વરી ચમત્કારમાં માનતા નહોતા.

ઈશ્વરીય કે માનવીય ચમત્કાર તો શક્ય જ નથી. કહેવાતા ઈશ્વરી ચમત્કારો કેવળ ભ્રમ અને ઈરાદાપુર્વક યોજવામાં આવેલી છેતરપીંડી જ હોય છે. એ જ પ્રમાણે માનવીય ચમત્કાર એટલે હાથચાલાકી, રાસાયણીક કે યાંત્રીક ચાલાકી અથવા તદ્દન જુઠો પ્રચાર હોય છે.

ઈશ્વરી ચમત્કારનો એકાદ પણ સચોટ અને તર્કબધ્ધ દાખલો કાન્તી ભટ્ટ આપી શકે ખરા ? યોગસાધનાથી અધ્ધર હવામાં આસન જમાવી શકાય નહી જ. હવામાં હાથ વીંઝીને ભસ્મ, શીવલીંગ કે સોનાની ચેન કાઢી શકાય જ નહી. એમ કરવું એ કુદરતી નીયમનો ભંગ છે. પોતાની ચમત્કાર વીશેની માન્યતામાં પણ જો કાન્તી ભટ્ટ પરીવર્તન લાવે તો સોનામાં સુગંધ ભળે.

નરેન્દ્ર મોદી ચાની કીટલી ફેરવતાં ફેરવતાં મુખ્ય પ્રધાનપદે પહોંચી ગયા એ કાંઈ ચમત્કાર નથી, પણ મોદીનો પુરુશાર્થ છે. આઈનસ્ટાઈને $E = MC^2$ એવું જે સમીકરણ યોજ્યું તેમાં ઈશ્વરી ચમત્કાર નહી, પણ બોધ્ધીક સીધ્ધી છે.

કાન્તી ભટ્ટના ૨૦૦૩ અને ૨૦૦૭ વચ્ચેના વલણમાં જે રીતનો ફરક વર્તાયો છે તે જ રીતનો ફરક તા. ૪-૯-૦૭ના મુંબઈ સમાચારના તંત્રીલેખમાં પણ જોવા મળ્યો છે. *(જુઓ વીવેકપંથી-૬૯, પાનાં ૧૪-૧૫).* ધર્મ જેવા સંવેદનશીલ વીશય પર તંત્રીએ પોતાના કેવા બેધડક વીચારો રજુ કર્યા છે ! પરંતુ અફસોસ એ વાતે છે કે મુંબઈ સમાચારની રવીવારીય પુર્તીમાં ભરપુર માત્રામાં અંધશ્રધ્ધા અને અંધમાન્યતાઓને પ્રોત્સાહીત કરવામાં આવે છે, જે રુગણ સમાજની રુગણતામાં વધારો કરે છે.

મુંબઈ સમાચારના તંત્રીનું પણ કાન્તી ભટ્ટ જેવું જ વીચાર પરીવર્તન થાય તેવી આશા રાખી શકાય ?

મેરા સુંદર સપના તુટ ગયા

– અશ્વીન કારીઆ

સરકારની ઉપેક્ષા એ બાબત તરફ સ્પશ્ટપણે પ્રગટ થાય છે કે શહેરોમાં ઘરવીહોણાઓ માટે વીશ્વાસપાત્ર આંકડાઓ એકત્ર કરવાની દરકાર કરી નથી. ઘરવીહોણાઓનું કોઈ સરનામું હોતું નથી અને તેથી ફુટપાથ, ખુલ્લી જગ્યાઓ અને રેન બસેરાઓમાં જ તેમની ગણતરી થઈ શકે. ૨૦૦૦નાં વર્શમાં ઘરવીહોણાઓ માટે કામ કરતી સ્વૈચ્છીક સંસ્થા 'આશ્રય અધીકાર અભીયાન' તરફથી ખુલ્લામાં સુઈ રહેલ વ્યક્તીઓની ગણતરી કરી હતી. ફક્ત દીલ્હીમાં આ સંખ્યા ૫૩,૦૦૦ની હતી. જો કે બીનસત્તાવાર આંક પ્રમાણે દીલ્હીમાં જ આ સંખ્યા ૧,૦૦,૦૦૦ હોવાનું માનવામાં આવે છે.

આ અભીયાને હાથ ધરેલ સર્વેક્ષણ પરથી ચોંકાવનારાં અનેક તથ્યો પ્રગટ થયાં છે, તેમાંના ૭૦% લોકોને લઘુત્તમ વેતન ચુકવાતું નથી. તેમ છતાં તેમાં ૫૯% લોકો પૈસા બચાવીને તેમના કુટુંબીજનોને ગામડામાં મોકલે છે. આ બતાવે છે કે ઘરવીહોણા આ લોકો કેટલી મુશ્કેલીભરી પરીસ્થીતીમાં શહેરની આર્થીક સમૃદ્ધીમાં પ્રદાન આપે છે ! એટલું જ નહીં, પરંતુ દુર ગ્રામ વીસ્તારોમાં રહેતા પોતાના અતી ગરીબ કુટુંબીજનોને પણ નીર્વાહ માટે મદદ કરે છે.

શહેરોમાં ઘરવીહોણાઓની વધતી જતી સંખ્યા માટે જવાબદાર આર્થીક વલણો અને શહેરી આયોજન નીતીનો આપણે વીચાર કરવો જોઈએ. પોલ કોએગલ પોતાના અભ્યાસમાં જણાવે છે કે સામાન્ય મધ્યમવર્ગ માટે ભાડેથી મકાન લેવું પોસાય જ નહીં તેટલી હદે ભાડાંની રકમમાં વધારો થયો છે. બીજું કારણ એ છે કે ધનીક લોકોની આવક વધવાની સાથે ગરીબ લોકોની આવક સપ્રમાણ વધતી નથી.

દીલ્હીમાં કેટલાક ઔદ્યોગીક એકમો બંધ થવાથી તેમજ ઝુંપડાવાસીઓને તેમના રોજગારના સ્થળેથી દુરનાં સ્થળે જગ્યા ફાળવવામાં આવતી હોવાથી અને રહેણાક વીસ્તારોમાં ચાલતી વાણીજ્યીક પ્રવૃત્તીઓ પર પ્રતીબંધ આવવાથી રોજગારી સમસ્યાએ વીકરાળ સ્વરુપ ધારણ કરતાં ઘરવીહોણાની આપદાઓમાં ઈંધણ ઉમેરાયું છે. તેમને પાણી અને શૌચ જેવી પાયાની જરુરીયાતો માટે પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો

પડે છે. કારણ કે ગરીબ લોકો જાહેર શૌચાલય અને સ્નાનઘરની સેવાની કીંમત ચુકવવા સક્ષમ હોતા નથી.

ઘરવીહોણાઓના બહુમતી લોકોને જાહેર આશ્રયસ્થાનોનો ઉપયોગ કરવાની તક મળતી નથી, તેના કારણે વર્શારુતુ અને ઠંડીના દીવસોમાં તેમને ભીંજાવું કે ઠુંઠવાવું જ પડે છે. ૨૦૦૨-૨૦૦૩ના ઠંડીના દીવસોમાં ઉત્તર પ્રદેશ અને બીહારમાં ૧૦૦૦ વ્યક્તીઓનાં મૃત્યુ થયાં હતાં. અરે થોડા જ સમય માટે આવેલ ઝીણા વરસાદથી ભીની થયેલ ફુટપાથ પર રાત્રે તેમને સુવાની કઠીનાઈ થાય છે.

રામ ગોપાલ શર્માને મોટર મીકેનીક તરીકે ધીકતો ધંધો હતો. તેમ જ જગદીશને રેડીયો-ટ્રાન્ઝીસ્ટર વેચવાનો ધંધો પણ સારો ચાલતો હતો. બંનેનાં જીવનમાં એવા નાટકીય પરીવર્તનો આવ્યાં કે ઘરવીહોણા થઈ ગયા. ક્રીશનકુમારની એક માસ પહેલાં આજ સ્થીતી હતી. પરંતુ કોઈએ તેના માટે આશ્રય સ્થાનમાં વ્યવસ્થા કરી આપી તેથી હવે તે ખુશ છે. ઘરવીહોણાઓ માટે તંબુઓ બનાવી પુરતાં ઓઢવાનાં સાધનો સાથે ઓછા ખર્ચે આશ્રયસ્થાનો ઉભા કરવાની તાતી જરુર છે.

ઘરવીહાણાઓને પોલીસના મારની, બળજબરીથી પૈસા પડાવવાની અને ગમે ત્યારે સ્થળ ખાલી કરવાની ધમકીનો સૌથી મોટો ડર હોય છે. તેમાંયે સ્ત્રીઓ, બાળકો અને અશક્ત લોકોની હાલત ઘણી દયનીય હોય છે. બાળકોને દેહવ્યાપાર, નશીલી ચીજોની હેરાફેરી કે ભીખ માગવાની ફરજ પાડવાનાં દુશણોનો સામનો કરવાની નોબત આવે છે.

ઘરવીહોણાઓ માટે આશ્રયસ્થાનો બનાવવા વધારે નાણાંની જોગવાઈ થવી જોઈએ. ૧૦મી પંચવર્શીય યોજનામાં ૩૦ કરોડની જોગવાઈ હતી, જે અપુરતી હતી. તેમાં સુધારો થવો જોઈએ.

(ભરત ડોગરાના 'ટાઈમ્સ ઓફ ઇંડીયા'ના તા.૧-૨-૦૮ના રોજ પ્રગટ થયેલ લેખના આધારે)

રોમ ભડકે બળે અને

હદ બહાર પ્રદુશીત થઈ રહેલી યમુના નદીને વધુ પ્રદુશીત થતી રોકવામાં દીલ્હી સરકારની ઉપેક્ષા જોતાં "રોમ ભડકે બળે ત્યારે નીરો ફીડલ વગાડે" ની કહેવત યાદ આવે છે. કારણ કે દીલ્હી સરકાર અને પાણી મંડળ યમુના નદી સ્વચ્છ કરવાની સમયમર્યાદા વધારવા માટે અદાલતોના આંટાફેરા મારી રહ્યા છે. નદીઓ જીવતદાન આપનારી છે. યમુના નદીનું રુપ એક સમયે જીવતદાન આપનારું હતું. તેનું પાણી સ્વચ્છ હતું. માનવ, પ્રાણી અને વનસ્પતી માટે તે પ્રાણવાયુ સમાન હતી. આપણી સંસ્કૃતી પ્રમાણે નદી પવીત્ર માતા ગણાતી હોવા છતાં તેને બદસુરત બનાવી દેવાઈ છે.

એ ઘણી કમનસીબ બાબત છે કે દુનીયાની સૌથી વધુ પ્રદુશીત નદીઓમાં યમુનાનું સ્થાન છે. યમુનાને ગંદકી, કચરો, મૃતદેહો, રસાયણોથી પ્રદુશીત બનાવવામાં દીલ્હીનો ફાળો ૫૭% છે. મોટાભાગના ઉદ્યોગો પાસે શુદ્ધીકરણ વ્યવસાયનો અભાવ હોવાથી યમુનાનું પાણી વધુને વધુ ઝેરી થઈ રહ્યું છે. વર્શમાં ૯ માસ યમુના સ્થીર હોય છે તેથી કચરો, ગંદકી, મૃતદેહો, રસાયણો પાણી સાથે વહી જવાના બદલે એક જગ્યાએ રહેવાથી વધુ ગંદા થાય છે અને તેમાંથી સડો તેમ જ દુર્ગંધ પેદા થાય છે. પરીણામે આસપાસની જમીન અને તેના તળમાં રહેલા પાણી પણ પ્રદુશીત થાય છે.

સર્વોચ્ચ અદાલતે છેક ૧૯૯૩થી દીલ્હી અને હરીયાણાની સરકારોને ઉદ્યોગો યમુનામાં અશુદ્ધ રસાયણો અને કચરો છોડે નહીં તેની તકેદારી રાખવા સુચનાઓ આપી છે. પણ તેના તરફ ધ્યાન આપવાના બદલે દીલ્હી સરકારે યમુનાની આસપાસ ફુટી નીકળેલી ગેરકાયદેસર કોલોનીઓને કાયદેસર બનાવવા સામેનો મનાઈહુકમ ઉઠાવી લેવા ઉચ્ચ અદાલતને અપીલ કરી છે. યમુનાને શુદ્ધ કરવા માટે રકમ કેવી રીતે ખર્ચવામાં આવી તેની કોઈ ચીંતા કરતું નથી. યમુના નદીનો પટ ૨૨ કી.મી. દીલ્હીમાં ફેલાયેલો છે. ૧ કી.મી. દીઠ તેના શુદ્ધીકરણનો ખર્ચ રુ. ૧૦૦ કરોડ થયો. લાગે છે કે આ રકમ ગટરમાં વહી ગઈ છે. શુદ્ધીકરણના પ્લાન્ટ અમુક સ્થળોએ નખાયા છે. પરંતુ તેમાંના કેટલાંક જ કામ કરે છે. મોટા ભાગના બીનઉપયોગી રહ્યા છે. તેના કારણમાં એમ જણાય છે કે શુદ્ધીકરણની ક્ષમતા ધરાવતી વ્યવસ્થાનો અભાવ છે. યોજના ઘડતી વખતે શું આ બાબતનો વીચાર નહીં કરાયો હોય ? ગંગા શુધ્ધીકરણ હોય કે યમુના શુધ્ધીકરણ, એમ કેમ બનતું હશે કે યોજનાના અમલમાં બહુ ઓછું ધ્યાન અપાતું હોય ?

લંડનની થેમ્સ નદી અને યુરોપની ડનુબી તેમ જ રહીન નદીઓ પણ ઉદ્યોગ રસાયણોનાં કારણે એક સમયે ઘણી પ્રદુશીત રહી ચુકી છે. પરંતુ સઘન પ્રયાસો અને લોકજાગૃતીથી આ નદીઓ પોતાનું મુળ સ્વરુપ ધારણ કરી શકી છે. કારણ કે જવાબદારીના ભાન સાથે યોજનાઓનો અમલ કરવામાં આવ્યો છે. આપણે આ ઉદાહરણો અનુસરવાં જોઈએ.

(TIMES OF INDIA તા. ૧-૨-૦૮ના તંત્રી લેખના આધારે)

પ્રકૃતી સાથે તાલ મીલાવી તંદુરસ્ત રહેવાનો આ ઈલમ અજમાવો **– ગુણવંત શાહ**

તો ડોક્ટર પાસે ના જવું પડે

આવતાં દસ-પંદર વર્શો બાદ ઘણાં ઘરોમાં એક દશ્ય જોવા મળશે. આરોગ્ય જાળવીને જીવતો પંચોતેર વર્શનો બાપ, વ્યસનોને કારણે ખખડી ગયેલા પચાસેક વર્શના પુત્રની ખબર કાઢવા હોસ્પીટલ જશે. ધુમ્રપાન, ગુટખા અને શરાબને કારણે યુવાનને પ્રમોશન મળે છે. એ જલદી ઘરડો થાય છે અને વળી જલદી ઉપર પહોંચી જાય છે. આવા યુવાનની ચાકરી એનો તંદુરસ્ત પીતા કરશે.

કેટલાક ડોક્ટરો એવી રીતે જીવે છે, જેમાં એમની મેડીકલ સમજણનું ઘોર અપમાન થતું હોય છે. ઘણાખરા ડોક્ટરો દરદીઓને દવા આપે છે; આરોગ્યની દીક્ષા નથી આપતા : કેટલાક ડોક્ટરો દરદીને બદલે દવા બનાવનારી કંપનીને વફાદાર હોય છે. હૃદયરોગનો હુમલો થાય ત્યારે માણસનું માથું શરમથી ઝૂકી જવું જોઈએ : હું એવું તે કેવું જીવ્યો કે મારૂં હૃદય મારાથી હારી બેઠું ? પ્રત્યેક હૃદયને સ્વમાન હોય છે. માલીક હદ વટાવે અને ખાવાપીવામાં કે હરવા-ફરવામાં ભયંકર બેદરકારી બતાવે ત્યારે હૃદય બળવો પોકારે છે. હૃદયરોગ એટલે અપમાનીત હૃદયનો હાહાકાર ! રોગ એટલે જીવનલય તુટે તેની શરીરે ખાધેલી ચાડી.

ડોક્ટર ન હોય તેવા સમજુ માણસને કેટલીક બાબતો જડે છે. "**સમજનેવાલે સમજ ગયે હૈં, ના સમજે વો અનાડી હૈ.**"

પહેલી વાત તો એ કે તંદુરસ્ત રહેવા માટે વ્યાયામ અત્યંત જરૂરી છે. આજનો કહેવાતો એકટીવ માણસ પણ વાસ્તવમાં બેઠાડુ હોય છે. ટી.વી. પર ક્રીકેટ-મેચ જોનાર માણસ પણ વાસ્તવમાં બેઠાડુ હોય છે. ટી.વી. પર ક્રિકેટ-મેચ જોનાર એકસાથે કેટલા કલાકો છાણના પોદળાની માફક બેઠેલો રહ્યો ! પ્રત્યેક ઓવરને અંતે એ પહોળો ઉભો થઈને હળવા હલનચલન દ્વારા શરીરને છુટું કરી શકે. ઑફીસની ખુરશીમાં કલાકો સુધી બેસી રહેનાર કર્મચારી લગભગ પોટલું બનીને ચરબી એકઠી કરતો રહે છે. કેટલીક ગૃહીણીઓ લગભગ પીપ જેવી બનીને મજુરણને દબડાવતી રહે છે. હાડકું નમાવવું જ ન પડે એવી દીનચર્યા અને ઘરચર્યા બ્લડપ્રેશરને આમંત્રણ આપે છે. કોઈ ખેતરમજુરને ડાયાબીટીસ થતો નથી. ડાયાબીટીસ કાયમ સુખસગવડથી શોભતું, માલદાર ઘર શોધે છે. મોટરગાડી અને સ્કુટરનાં પૈડાંએ આપણી પાસેથી પગનું ગૌરવ છીનવી લીધું છે. બાળકો પણ સાઈકલને બદલે મોપેડ દોડાવતાં થયાં. નાની વયે હૃદયરોગ થાય તેની તૈયારીઓ થઈ રહી છે. ઘણાખરા રોગોના મુળમાં પગનો ગૌરવભંગ રહેલો છે.

કેટલાક ડોક્ટરો દરદીને બદલે દવા બનાવતી કંપનીને વફાદાર હોય છે

માણસ જે ખાવું જોઈએ તે નથી ખાતો અને જે પીવું જોઈએ તે નથી પીતો. એને ક્યારે ખાવું અને કેટલું ખાવું તેનું ભાન નથી. લગ્નના રીસેપ્શન વખતે પાંચસાત જાતની મીઠાઈઓ હોય છે અને તળેલી વાનગીઓની ભીડ હોય છે. પંજાબી વાનગીઓની ફેશન ગુજરાતીઓમાં શરૂ થઈ છે. બુફેના ટેબલ પર કેલરીના રાફડા ! બીજે દીવસે પેટ બગડે છે. ફાડાની લાપસી આઉટ ઑફ ફેશન ગણાય છે. માણસ જો ખાવાનું અડધું કરી નાખે અને ચાવવાનું બમણું કરી નાખે તો મેડીકલ સ્ટોરની ઘરાકી ઘટી જાય. સેમ્યુઅલ બટલર જો જીવતો થઈને સામે મળે તો દરદીને જરૂર પુછે: **વારંવાર ડોક્ટરને ત્યાં જવામાં તમને શરમ નથી આવતી ? માણસનું શરીર કોથળા જેવું શા માટે હોય ?**

ઉંઘનો અનાદર રોગને નોતરે છે. ઉંઘની ગોળી લેવા કરતાં થાકવાની તરદી લેવી સારી.

દીવસમાં એકાદ વખત માણસે હાંફવું પડે એવું કોઈ કામ કરવું જોઈએ. ઝડપથી ચાલવામાં કે ધીમેથી દોડવામાં ફેફસાં સંકોચ-વીસ્તાર પામે છે. ઈરાદાપુર્વક ઉંડા શ્વાસ લેવામાં પૈસા બેસતા નથી. રાત્રે પથારીમાં પડતી વખતે થાકનું નામનીશાન ન હોય ત્યારે ઉંઘ કાલાવાલા કરાવે છે. આંખને થાક ન લાગે તેવા આશયશી ઘણા લોકો વાંચવાનું પણ ટાળે છે. અમથા ઉજાગરા કરવામાં ઉંઘનું અપમાન થાય છે. મોડા ઉઠવામાં સુર્યનું અપમાન થાય છે. પક્ષીઓ સુર્યની આમન્યા રાખે છે, માણસો નથી રાખતા. ઉંઘ અને રોગમુક્તી વચ્ચે કલ્પી ન શકાય તેવો અનુબંધ છે. થાકવૈભવ વગર ઉંઘવૈભવ ન મળે અને ઉંઘવૈભવ વગર તાજગીવૈભવ ન મળે. વાસી ચહેરો લઈને ફરવામાં જીવનનું અપમાન થાય છે.

રોગનાં મુળીયાં મનના પ્રદેશમાં રહેલાં જણાય છે. હરામની કમાણી રોગની આમંત્રણ-પત્રીકા બની રહે છે એવું કોણ માનશે? નાની-મોટી છેતરપીંડી કરનાર માણસ રોગની શક્યતા વધારે છે એવું માનશે? નીખાલસ મનના માણસનું મન નીરોગી હોવાની શક્યતા વધે છે. મનનો મેલ શરીરમાં ટ્રાન્સફર થાય

ત્યારે લોકો રોગી શરીરને જ જુએ છે. મનને સમજવાનું ચુકી જાય છે. ક્રીકેટનો સ્કોર ગણનારો કે ફુટબોલની રમતના ગોલ ગણનારો કદી પોતાની જાતને પુછતો નથી કે હું આજે કેટલી વાર ખાલી-ખાલી જુઠું બોલ્યો? પ્રત્યેક નાનું જુઠ માણસની ભીતર એક પ્રકારનો સુક્ષ્મ લય તોડે છે. હરામની કમાણી કરનાર પણ અંદરથી બધું સમજે છે, માંહ્યલો એને અનુમતી આપતો નથી.

ભવીશ્યમાં એક થેરપી જાણીતી થશે, જેને પ્રમાણીકતા-ઉપચાર પદ્ધતી કહેવામાં આવશે

હું બહુ નાનો માણસ છું, પણ એક આગાહી કરૂં છું. ભવીશ્યમાં એક થેરપી જાણીતી થશે, જેને પ્રમાણીકતા-ઉપચાર પદ્ધતી કહેવામાં આવશે. પ્રમાણીકપણે જીવનારો સીધી લીટીનો આદમી નીરામય અને લાંબા આયુશ્યની શક્યતા વધારે છે. આપણી પરંપરામાં આયુર્વેદને ઉપવેદનો દરજ્જો મળ્યો, જેમાં આયુશ્યની માવજતનું રહસ્ય પ્રગટ થયું. આયુશ્ય પ્રત્યેની બેદરકારી સ્વસ્થ આદમીનું લક્ષણ નથી. દ્વેશ રોગ-જનક છે. ઈર્શ્યા રોગ-જનેતા છે. દગાબાજી કરનાર પોતાના મન પર બહુ મોટું દબાણ વેઠે છે. એ દબાણ શરીરને અસર કરે છે. એનું મજ્જાતંત્ર (નર્વસ સીસ્ટમ) બળવો પોકારે છે. આપણા પર કોઈ ભરોસો મુકીને બેઠું હોય અને આપણે શરમ નેવે મુકીને વર્તીએ ત્યારે આપણું સમગ્ર વ્યક્તીત્વ હચમચી ઉઠે છે. આવું બને ત્યારે શરીર લથડે છે. તન, મન અને માંહ્યલા વચ્ચેનો સુમેળ હોય ત્યારે રોગનું સ્વમાન હણાય છે, એ આપણને છોડીને ચાલી નીકળે છે. અથવા આવવાનું ટાળે છે. શરીરના વ્યાપારો સ્થુળ હોય છે, દગાબાજીથી મોટું કોઈ પાપ નથી. પાપ તેને કહેવાય, જે જીવન ખોરવી નાખે. મનમાં હોય તે કહી દેવામાં થોડુંક જ નુકસાન થાય છે. મેલું મન શરીરમાં મેલ દાખલ કરે તેને રોગ કહે છે.

થોડાક સમય પર હું અકથ્ય મનોયાતનામાંથી પસાર થયો. પહેલી અસર મારી ચામડી પર પડી, બીજી અસર વાળ પર પડી, ત્રીજી અસર પાચનક્રીયા પર પડી અને ચોથી અસર મારી ઉંઘ પર પડી. ખલેલમુક્ત મન વગર ખલેલમુક્ત શરીર શક્ય જ નથી. દીનચર્યા આપણી સ્વપ્નચર્યાની (ઉંઘની) ગુણવત્તા નકકી કરતી હોય છે. આત્મવંચના પણ આત્મહત્યાનો જ એક પ્રકાર છે.

પાઘડીનો વળ છેડે:

મારા હાથમાં અત્યારે જોનાથન ગ્રીન દ્વારા સંપાદીત સુંદર સુવાકયોનું પુસ્તક ધ ડીક્ષનરી ઑફ કોન્ટેમ્પરરી ક્વોટેશન્સ' છે. એમાં મહાત્મા ગાંધી, નેહરુ અને ઈંદીરા ગાંધીના અવતરણો પણ છે. મારા ગામ રાંદેરના દોડવીર ઝીણાભાઈ નાવીકનું એક વીધાન આ આવા આંતરરાશ્ટીય સ્તરના પુસ્તકમાં વાંચવા મળ્યું. અમારા ઝીણાકાકાનું વીધાન આ પ્રમાણે છે:

તમારે જીવવું હોય તો ચાલવું જોઈએ.
તમારે લાંબુ જીવવું હોય તો દોડવું જોઈએ

[હોલીસ્ટીક હીલીંગ હેલપ્સ – જાન્યુ ૦૮માંથી સાભાર : સૌજન્ય "સંદેશ"]

ધર્મનો મુળ અર્થ આપણે ભુલી ગયા છીએ.....

– હસમુખ ગાંધી

ભારતીય સમાજ અજીબ રીતે વર્ણસંકર મનોવૃત્તી ધરાવે છે. કન્સલ્ટંટો, ઉચ્ચ ન્યાયાધીશો, બૅન્ક મૅનેજરો, આઈએએસ અમલદારો, તંત્રીઓ, પ્રોફેસરો, વીજ્ઞાનીઓ, ઈજનેરો અને બૌદ્ધીકો એકબાજુથી સાયન્ટીફીક ટેમ્પરની વાતો કરે છે અને બીજી બાજુથી તેઓ બાબાઓ, દાદાઓ, બાપુઓ, શાસ્ત્રીઓ, ભગવાનો અને સંતોના પગના અંગુઠાને સ્પર્શે છે. કેટલાક તો એ અંગુઠો એક થાળીમાં ધોઈને પછી પેલું પાણી (ભુલ્યા, જળ) ગટગટવી જાય છે. સોમનાથના મંદીરનો જીર્ણોદ્ધાર થયો ત્યારે ત્યારના રાશ્ટ્રપતી ડૉક્ટર રાજેન્દ્ર પ્રસાદે ૩૨ બ્રાહ્મણોના પગ ધોઈને એ ચરણોદક જાહેરમાં ગટગટાવ્યું હતું. આ સાંભળીને જવાહરલાલ નેહરુનો પીત્તો ગયો હતો. નેહરુ જોઈ ગયા હોત (ત્યારે ટીવી ન હતું) તો તેમનું શું થાત? ભારતીય સમાજ એટલે વીરોધાભાસનું બન્ડલ. બી.એસસી.ના અને મેડીસીનના વીદ્યાર્થીઓ ઉત્તરવહીઓ ઉપર અચુક ઓમ કે શ્રી જી લખે છે. હજી વૈશણવ મહારાજોને (આચાર્ય વલ્લભાચાર્યજી મહાપ્રભુજીની વીસમી પેઢીના તીલકાયતોને) પુશ્ટીમાર્ગી વૈશણવો ભગવાન ગણીને પુજે છે. હુતુતુતુ રમતી વખતે લાલજી જો ટપલી મારે તો વૈશણવજનનું બાળ ઘેલું થઈ જાય છે. જે વૈશણવ ધર્મ વીશે સાચું છે તે જૈન ધર્મ વીશે પણ સાચું છે. જૈનાચાર્યો શ્રાવકોની બહોળી વગ ધરાવે

સોમનાથ મંદીરનો જીર્ણોદ્ધાર થયો ત્યારે રાશ્ટ્રપતી ડો. રાજેન્દ્ર પ્રસાદે ૩૨ બ્રહ્માણોના પગ ધોઈને એ ચરણોદક જાહેરમાં ગટગટાવ્યું હતું. આ સાંભળીને જવાહરલાલ નહેરુનો પીત્તો ગયો હતો.

છે. મુલ્લાંઓ અને મૌલવીઓ મુસ્લીમ યુવકો ઉપર વગ ધરાવે છે. શુક્રવારના મજહબી ભાશણમાં ગર્ભીત રીતે ગૈરકોમની અને કરન્ટ પોલીટીક્સની વાતો આવી જ જાય છે.

ધર્મ આપણી રગેરગમાં ભળી ગયો છે. કમનસીબે ધર્મનો મુળ અર્થ આપણે ભુલી ગયા છીએ. સત્ય, મોરાલીટી, સદ્વર્તન એને આજે આપણે ધર્મ નથી કહેતા. શ્રાવકો ઘી બોલી આવે છે. વૈશણવો ઠૉર કે પાતળનાં નાણાં ભંડારજીને ચુકવે છે. લાલ તીલક કે કેસરી બીંદી ધર્મનું પ્રતીક બની ગઇ છે. અમે અલગ સંપ્રદાય કે કલ્ટ નથી ચલાવતા એમ કહેનારા બાબાઓના ભક્તો (મહાદેવ કરતાં પોઠીયા શાણા)એ બાબાનો કલ્ટ ઉભો કરે છે. ભાજપે અને વીશ્વ હીંદુ પરીશદે હનુમાન, સુમીત્રા વગેરેનો એકડો કાઢી નાખ્યો છે. મોટા દેવતાઓ વીઆઇપી છે. સેકન્ડ કલાસ દેવતાઓનાં મંદીર યુપીની ભાજપી સરકારના મુખ્ય પ્રધાન કલ્યાણસીંહ દ્વારા તોડી પાડવામાં આવ્યાં છે. આજે જમાનો બાબાઓનો અને બાપુઓનો છે. રામ, કૃષ્ણ કે શંકર કદી તમને શેરબજારની ટીપ આપતા નથી. પછીને સ્તરે અંબાજી અને દુર્ગા જેવી માતાઓ આવે છે. ત્રીજી ટાયરમાં સત્ય સાંઇબાબા અને શીરડીના સાંઇબાબા તથા શંકરાચાર્યો, સુરીશ્વરજીઓ આવે છે. એ પછીને તબક્કે ગુરુપુર્ણીમાને દહાડે બીલાડીના ટોપની જેમ ફુટી નીકળતા બાબાઓ આવે છે. શ્રીમંતો હવે ફૅમીલી ડૉક્ટરની જેમ ફૅમીલી ગુરુ રાખે છે અને એ ગુરુઓ આશીર્વાદ આપીને તેમને સટ્ટામાં જીતાડી પણ આલે છે, બોલો.

આવા વાતાવરણમાં કોચી (કેરળ)માં ૧૯૯૨ની બીજી મેએ એક કરોડ રુપીયાને ખર્ચે આઠ દીવસ સુધી ચાલનારો પુત્રકામેષ્ટી યજ્ઞ યોજાયો હોય તો તેમાં શી નાવઇ ? ઑર્ગેનાઇઝર સેન્ટર ફોર એસ્ટ્રોલૉજીકલ રીસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટના ઑર્ગેનાઇઝરો એ ગેરન્ટી આપી હતી કે એ યજ્ઞમાં ભાગ લેનાર વંધ્ય દંપતીને સંતાન થશે જ અને સંતાન પાછું નર (પુલ્લીંગ) જ હશે, માદા નહી. પાંચ હજાર દંપતીઓએ ઍપલાય કર્યું હતું. એક હજાર બડભાગી દંપતીને એ યજ્ઞમાં હીસ્સેદાર થવા મળ્યું હતું. ભારતના તમામ પ્રાંતોનું ઉચીત પ્રતીનીધીત્વ જાળવવામાં આવ્યુ હતું. ભારતની ક્રીકેટ ટીમમાં અને રેડીયોટીવીના ન્યુસરીડરોમાં જેમ બહોળા પ્રમાણમાં સરદારજીઓ હોય છે, તેમ એ યજ્ઞના યાજ્ઞીકોમાં બહોળા પ્રમાણમાં સવર્ણો હતા. અનામતોને અહીં પણ સ્થાન હતું. કેરળમાં આ પુત્રકામેષ્ટી યજ્ઞ યોજાય તે વીશ્વની એક વક્રતા છે. કેરળ ભારતનું સૌથી શીક્ષીત રાજ્ય છે. ત્યાં ૧૦૦ ટકા સાક્ષરતા છે. કેરળમાં વહેમ અને અંધશ્રદ્ધાને પડકારતી અનેક રૅશનાલીસ્ટ અને વૈજ્ઞાનીક સંસ્થાઓ છે. ૧,૦૦૦ બડભાગી દંપતી યજ્ઞમાં શ્રદ્ધા ધરાવતા હતા. પુજામાં શ્રદ્ધા ધરાવતા હતા. એક પા ટેસ્ટ-ટયુબ બેબીની ટેકનોલોજી, બીજી પા પુત્રકામેષ્ટી યજ્ઞ. વીમેન્સ લીબવાળીઓ, સાંભળો. પુત્રીકામેષ્ટી યજ્ઞ કોઇ નથી કરતું.

ભારતીય સમાજમાં માબાપો એકબાજુથી બાળકને એન્ટી-બાયોટીક્સ આપે છે અને બીજી બાજુથી નજર ઉતારવા માટે દીવાલ ઉપર છુટ્ટી વાટ ફેંકવાના અને મરચાં ગરમ કરવાના ટુચકા કરે છે. સ્નાતકો આધાશીશી મટાડવા માટે બોરીવલીના બાબાનું મંત્રેલું પાણી ટેસથી પી જાય છે. હાડકું ભાંગે ત્યારે ઘણા લોકો હજી હાડવૈદ પાસે જાય છે. ઑર્થોપેડીક સર્જનનો વારો છેલ્લે આવે છે.

મુંબઇના શીક્ષીત કીશોરો બડવા થઇને અને મામાની પીદુડી કાટીને જનોઇ કે યજ્ઞોપવીત સંસ્કાર ધારણ કરે છે અને તરત જ તેઓ વીડીયો ઉપર સ્ટારવોર્સ જોવા બેસી જાય છે. નર્મદના જમાનામાં પહેલવહેલું રેલવે એન્જીન નર્મદા નદીનો પુલ ઓળંગવાનું હતું ત્યારે લોકો કહેતા કે જોજોને, નર્મદામૈયા એ દુષ્ટ રાક્ષસ (લોકોમોટીવ)ને પાડી નાખશે. એન્જીન તો ટ્રેનના ડબ્બા સાથે પુલ ઉપર થઇને નદી પાર કરી ગયું. લોકોએ તરત જ નાળીયેર વધેરીને એન્જીનદેવની પુજા કરી કાઢી. અગાઉ લોકો સુર્યને, સમુદ્રને, વરસાદને અને નાગને પુજતા. કોચીના યજ્ઞના ઑર્ગેનાઇઝરો ક્વૉલીટી કેન્ટ્રોલમાં માનતા હતા. તેમણે શુદ્ધ ઘી તથા શુદ્ધ સુખડનો યજ્ઞમાં ઉપયોગ કરવાનું વચન આપ્યું હતું અને તેમ જ કર્યું હતું. બ્રાહ્મણોના માંત્રોચ્ચારમાં અને લાકડાના ચમચાથી યાજ્ઞીકો દ્વારા અગ્નીમાં રેડાનારા શુદ્ધ ઘીમાં વંધ્ય દંપતીઓને શ્રદ્ધા હતી.

જો કે તે વખતે પુત્રકામેષ્ટી યજ્ઞ વીશે કેરળમાં વીવાદ ભભુકી ઉઠયો હતો. પુત્રકામેષ્ટી યજ્ઞ એ નીઃસંતાન દંપતીઓ માટેની પ્રાચીન વેદીક વીધી છે એમ કહેવાતું અને કહેવાય છે. ઘણા બુદ્ધીજીવીઓ, સ્ત્રીઓ અને વેદીક જુથો ઘણાંબધાં કારણોસર એ યજ્ઞનો વીરોધ કરી રહ્યા હતા. પણ આયોજકોનો દાવો હતો કે રાજા દશરથને એ યજ્ઞાથી લાભ થયો હતો.

વેદોક્ત નીયોગ પદ્ધતી પણ સાથે સાથે અપનાવાય.

'નીયોગ' એટલે દંપતીમાંહેની કોઇપણ બીનફળદ્રુપ વ્યક્તીએ ગર્ભધારણ માટે બહારની વીજાતીય વ્યક્તીને સ્વીકારવી

બુદ્ધીજીવીઓ કોઈપણ જાતના યજ્ઞના આયોજનને અર્થહીન કહેતા અને કહે છે. તેમનું કહેવું છે કે પુત્રકામેશ્ટી યજ્ઞ ની:સંતાન દંપતીઓની અધશ્રદ્ધાને વધુ વકરાવે. જ્યારે કેટલાક વેદીક પંડીતોનું એવું માનવું હતું કે આયોજકો યજ્ઞ યોજવા માટે સક્ષમ અને સમર્થ હતા. એટલા બધા વીરોધ છતાં ૫,૦૦૦ ની:સંતાન દંપતીઓએ યજ્ઞ માટે નામ તો નોધાવ્યાં જ હતાં. ગરજવાનને અક્કલ હોતી નથી. આયોજકોનો ત્યારે એવો દાવા હતો કે ભારતમાં એક કરોડ ૫૦ લાખ દંપતીઓ બાળક વીનાનાં છે. તેમના મત મુજબ પુત્રકામેષ્ટી યજ્ઞ વેદીક કાળની એક પવીત્ર અને પરીણામલક્ષી વીધી હતી.

આયોજકોનું કહેવું હતું કે, તેઓ રુગ્વેદ અને રામાયણમાં વર્ણવાયેલી પ્રાચીન વીધી મુજબ જ યજ્ઞ કરી રહ્યા હતા. જેમણે ગર્ભાશય સંબંધી કોઈ જ શસ્ત્રક્રીયા કરાવી ન હોય તેવાં તથા પ્રજનનની વયમાં હોય તેવાં દંપતીઓનો જ તેમણે સમાવેશ કર્યો હતો. એ યજ્ઞમાં ભાગ લેનારા દંપતીઓ વેદો મુજબ પુત્રની જ આશા સેવી શકે, પુત્રીની નહી.

યજ્ઞની સફળતા માટે એ સબ્જેકટની પરંપરાગત વીધીઓમાં, સુચીત આહારમાં અને યાજ્ઞીકોમાં પ્રત્યેક ભાગીદારને શ્રદ્ધા હોવી જોઈએ એવો આયોજકોનો દાવો હતો. સંકલ્પ જો શુદ્ધ હોય તો એ દંપતીઓને માત્ર પુત્રજન્માનો જ નહીં, અન્ય આનુશંગીક લાભ પણ મળે. વીવીધ ગ્રહોની શરીર પર પડતી ખરાબ અસરો પણ આ યજ્ઞથી નીવારી શકાય એમ આયોજકો છાતી ઠોકીને કહેતા હતા. (તેમની છાતી ઘણી જ મજબુત હોવી જોઈએ). તેઓ પુત્ર આપવા ઉપરાંત ગ્રહોની માઠી અસર દુર કરવાનું બોનસ પણ આપતા હતા.

આયોજકોએ કોચીના દરબાર હૉલ ગ્રાઉન્ડ ખાતે યજ્ઞશાળા અને પ્રેક્ષાગારનું બાંધકામ કરાવ્યું હતું. ટનબંધ લાકડાં, ત્રીસ હજાર જેટલા ઘડા, એક કવીન્ટલ શુદ્ધ ઘી અને સેંકડો કીલો ચોખા એ યજ્ઞમાં વપરાયા હતા. કુ. વાસુદેવન આક્કીત્રીપદ નામના પંડીતના નેતૃત્વ હેઠળ ૨૦૦ પંડીતો એ યજ્ઞની વીધી પાર પાડવા પોતાનાં પીતાંબરોને કસી રહ્યા હતા. દુધ અને ઘી માટે ઉચ્ચ કક્ષાની સેંકડો ગાયો મેળવવામાં આવી હતી. ગોદાન આપનારાઓનો આ દેશમાં તોટો નથી. પંડીત ઈદામાયુકુનું કહેવું હતું કે માત્ર યજ્ઞ દ્વારા ઈચ્છીત પરીણામ પ્રાપ્ત થાય એમ માનવું ભુલભરેલું છે. તેમના કહેવા મુજબ વેદમાં જણાવાયેલી નીયોગ નામની વીધી કરવામાં ન આવે ત્યાં સુધી યજ્ઞનું ફળ ન મળે. નીયોગ એટલે વેદોમાં વર્ણવાયેલી સંતાનપ્રાપ્તી માટેની એક ક્રીયા જેમાં દંપતીમાંથી જે બીનફળદ્રુપ હોય તેણે બીજી ફળદ્રુપ વીજાતીય વ્યક્તીને ગર્ભધારણ માટે સ્વીકારવી. નીયોગ માટેની બહારની વ્યક્તી જાતીય ક્રીયા વખતે આંખે કાળા પાટા બાંધે. જશ કોને મળે ? કોચીના યજ્ઞને? કે નીયોગને । નીયોગ એટલે લાઈવ સ્પર્મ બૅન્ક. રાઈટ ? સંકુચીત રાષ્ટ્રપ્રેમીઓ કહે છે, પ્રાચીન ભારતમાં રોકેટો અને અવકાશયાનો ઉડતાં હતાં. પશ્ચીમના દેશો આપણું જ બધું ચોરી ગયા છે. શાબ્બશ.

(હસમુખ ગાંધીના જુના લેખોના સંગ્રહમાંથી, સૌજન્ય : કરંટ હોટલાઈન' તા. ૨૨.૧૦.૨૦૦૭)

[પાલનપુર અધીવેશન નીમીત્તે પ્રગટ થયેલ 'નયામાર્ગ વીશેશાંક'માંથી સાભાર]

ફળજ્યોતીશ, વાસ્તુશાસ્ત્ર જેવી ઠગ વીદ્યાઓ

– લલીત નગરશેઠ

ખગોળ વીજ્ઞાન (Astronomy)ને ફળજ્યોતીશ (Astrology) જેવી ઠગવીદ્યા સાથે ન્હાવા–નીચોવવાનો ય સંબંધ નથી. સુર્યમંડળના ગ્રહોનું જ્યોતીશ મહાશયોનું અજ્ઞાન આઘાત–જનક છે; છતાં તેઓ તેમની ઠગ–વીદ્યા ફળ–જ્યોતીશને વીજ્ઞાન તરીકે ખપાવવાની છેતરપીંડી કરતા હોય છે. કુંડળી એ કપટ વીદ્યા છે; રાશી–ભવીશ્ય એ બકવાસ છે. જોશી–મહારાજો કોઈપણ વાતની ગેરન્ટી–બાંહેધરી– આપતા નથી. તેમની ભાશા અસ્પશ્ટ, સંદીગ્ધ, તર્કહીન અને છટકબારીઓથી ભરપુર હોય છે.

રાજકારણ, રાજકારણીઓ, ચુંટણીઓ અને ક્રીકેટ મેચની હારજીત તથા VIPઓ અંગેના ગપગોળા વાંચીને ઘણીવાર એમ થાય છે કે આ જોશી–મહારાજો ઢાંકણીમાં પાણી લઈને ડુબી મરતા કેમ નથી ? છાપે ચઢેલા, દેવ–દેવીઓના આશીર્વાદ પામેલા અનેક નામચીન જોશીઓ–તાંત્રીકો ધરાર ખોટા પડયાના અટ્ટાળક દાખલા છે. સામાન્ય બુધ્ધીથી વીચારતાં પણ પ્રશ્ન થાય છે કે કરોડો કીલોમીટર દુર આવેલા જડ પદાર્થોના બનેલા ગ્રહો મનુશ્યના જન્મ, શીક્ષણ, આરોગ્ય, લગ્ન, કારકીર્દી, સંપત્તી તથા મરણ જેવી વ્યક્તીગત બાબતો ઉપર કેવી રીતે અસર કરી શકે ?

હકીકતમાં જ્યોતીશને કોઈ વાસ્તવીક કે વૈજ્ઞાનીક આધાર જ નથી, માટે જ ભલભલા જગમશહુર જોશી મહારાજો પણ વૈજ્ઞાનીક કસોટીનું નામ સાંભળતાં જ ઉભી પુંછડીયે ભાગે છે. તેથી જ દુનીયાભરના રેશનાલીસ્ટો તરફથી કરવામાં આવેલા લાખો રુપીયા સહીતના પડકારને ઝીલનારો કોઈ માઈનો લાલ (સપુત) જ્યોતીશશાસ્ત્રી

હજુ સુધી પેદા થયો નથી અને થવાનો પણનથી. નોબલ પારીતોશીક મેળવનારા વૈજ્ઞાનીકો સહીત દુનીયાભરના વૈજ્ઞાનીકોએ જ્યોતીશને વખોડી કાઢયું છે અને લોકોએ તેમાં ફસાવું નહી એવી સલાહ પણ આપી છે.

લગ્ન કર્યા અગાઉ કુંડળીઓનો મેળ જોવાને બદલે ઉમેદવાર છોકરા-છોકરીએ એકબીજાના આરોગ્ય અંગેના અહેવાલો જોઈ જવા જોઈએ. કુંડળીઓ મેળવીને કરેલા લગ્નો સફળ થવાની કોઈ જ બાંહેધરી - ગેરેન્ટી જોશીમહારાજ આપતા નથી. કુંડળી મેળવ્યા વગર કરેલાં લગ્નોની સંખ્યા અનેકગણી છે. લગ્નની સફળતા-નીશ્ફળતાનો આધાર બે વ્યક્તીઓના મનમેળ ઉપર છે, નહી કે સુર્યમંડળના ગ્રહો ઉપર. આપણને ગ્રહો નહી, પરંતુ આપણા પોતાના પુર્વગ્રહો, વહેમો અને અંધશ્રધ્ધા નડે છે. જોશીઓ ઘણીવાર ગ્રહોના આધારે સગપણ-લગ્ન અટકાવવાનું કે તોડવાનું કામ પણ કરી આપતા હોય છે. કહેવત છે કે, "વર મરો કે કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો".

જોશીમહારાજોના ભાઈ-ભેરૂઓ જેવા વાસ્તુશાસ્ત્રીઓ, ફેંગશુઈ વીદ્યાના કસબીઓ, ટેરટ કાર્ડ વાંચનારી માતાજીઓ, છાયા-શાસ્ત્રીઓ, હસ્તરેખાશાસ્ત્રીઓ, સામુદ્રીકશાસ્ત્રીઓ, અંકશાસ્ત્રીઓ મંત્રેલા દોરા-ધાગા-તાવીજના બાંધનારાઓ, ગ્રહોના નંગની વીંટી પહેરાવનારાઓ, જોશી-ઝવેરીનું સહીયારું કરનારાઓ, વાસક્ષેપ-વીભુતીની પડીકીઓ વેચનારા કે વહેંચનારાઓ, પીરામીડની ટોપીઓ પહેરાવનારાઓ, કીરીલીયન ફોટોગ્રાફીથી રોગ પારખનારાઓ, તમારો ફોટો જોઈને રોગનો ઈલાજ કરવાવાળાઓ, મુહુર્ત-ચોઘડીયા-ટીપણા જોનારાઓ તેમ જ તમને ધારેલી સફળતા અપાવવા હોમ-હવન કરાવનારાઓ વગેરે બધા જ ભલાભોળા અને ડરપોક લોકોના ખીસ્સા ખંખેરવાનો પરોપજીવી (Parasitic) ધંધો કરનારા છે. બીચારો ઈશ્વર પણ જો હશે તો આ ઉસ્તાદ ઠગો પાસે લાચાર હશે.

પાપ-પુણ્ય અને આત્માના અસ્તીત્વ સાથે જન્મજન્માંતરો સુધી ખેંચાતા

કર્મના સીધ્ધાંતમાં માનનારને સીધા સવાલ

૧) ભ્રૂણ-હત્યા માટે કોના કર્મ જવાબદાર ?

૨) જો કર્મના ફળ અનીવાર્ય હોય તો દેવ-દેવી અને ઈશ્વરના ગુણગાન ગાવાની કે કાકલુદીભરી વીનંતીઓ કરવાની શી જરુર ?

૩) દેરાસર કે મંદીરમાં ચોરી કરનાર વીરુધ્ધ પોલીસને ફરીયાદ તેમ જ કોર્ટ કચેરી કરીને તેને સજા કરાવવાની કોશીશ શા માટે કરો છો ? તેના કર્મનું ફળ તે આવતે ભવે ભોગવશે; નહી તો છેવટે મંદીરના દેવ તેને સજા કરશે : આપણે કોઈને સજા કરાવવાનું પાપ કર્મ શા માટે કરવું?

૪) અતીવૃશ્ટી, અનાવૃશ્ટી, ધરતીકંપ, સુનામી જેવી કુદરતી આપત્તીને કારણે લાખો માનવીઓ જીવ ગુમાવે છે, ઘરબાર વગરના થઈ જાય છે, લાંબા સમય સુધી શારીરીક તેમજ માનસીક યાતનાઓ સહન કરે છે. તેવા લાખો નીર્દોશોને કોના કર્મો નડતા હશે ?

૫) વીવીધ પ્રકારના વાહન અકસ્માતોમાં એકીસાથે અનેક પ્રવાસીઓ મરી જાય છે અથવા અપંગ થાય છે; તો આવા અકસ્માતો શું પ્રવાસીઓના કર્મોને કારણે થાય છે? સંચાલકોની બે-જવાબદારી, યાંત્રીક ખામી અથવા કુદરતી પરીબળો કારણભુત ખરા કે નહી ? ઘણી વાર પોતાના ઈશ્ટદેવની જાત્રાએ જતાં કે પાછા ફરતાં યાત્રાળુઓ અકસ્માતનો ભોગ બને છે તેમનું રક્ષણ તેમના ઈશ્ટ દેવો કેમ કરતા નથી ?

૬) સીંહ-વાઘ-વરુ જેવા માંસભક્ષી પ્રાણીઓને તથા સાપ-વીંછી જેવા ડંખીલા ઝેરી જીવોને તેમ જ મનુશ્યનું લોહી ચુસનારા મચ્છર, માંકડ જેવા જીવોને તેમના કર્મોનું ફળ ક્યારે મળતું હશે ? તેમની ગતી કઈ ?

ફળદાયી વીદેશ-પ્રવાસ - જગદીશ પટેલનો

'સલામતી'ના તંત્રી જગદીશ પટેલ લખે છે કે તેમને ૩ નરેમ્બરના રોજ વોશીંગ્ટન ખાતે અમેરીકન પબ્લીક હેલ્થ એસોસીએશનના વાર્શીક અધીવેશન દરમીયાન વ્યવસાયીક આરોગ્ય અને સલામતી વીભાગ દ્વારા વ્યવસાયીક આરોગ્યના ક્ષેત્રે આપણે કરેલા પ્રદાનની જાહેર નોંધ લેવામાં આવી.

એ નીમીત્તે અમેરીકાના સંયુક્ત રાજ્યોની મુલાકાત લેવાનો અવસર મળ્યો. ૪૫ દીવસમાં ત્યાં વ્યવસાયીક આરોગ્ય અને સલામતીના ક્ષેત્રે કામદારો અને કામદાર સંઘો સાથે કામ કરતી સંસ્થાઓની અને કાર્યકરોની, કામદાર સંઘોના વ્યવસાયીક આરોગ્ય વીભાગોની તેમજ અન્ય કેટલીક સંસ્થાઓની મુલાકાત લઈ સંપર્કો સ્થાપીત કર્યા, પરીચય કર્યો, આપણા કામ અને પરીસ્થીતી વીશે વાતો કરી.

પ્રવાસેથી પરત આવ્યા બાદ નજીકના મીત્રો સાથે વાતો કરી પોતાના અનુભવો વીશેની જાણકારી આપવા તેમણે ત્રીજી ફેબ્રુઆરીએ વડોદરામાં એક મીત્રમીલન યોજ્યું. (૯૪૨૬૪૮૬૮૫૫ અથવા ૨૩૪૫૫૭૬)

નવરેશનાલીસ્ટ દીપક પટેલ રેશનાલીઝમના પુરસ્કર્તા છે

– ગુલાબ ભેડા

"**ત**મારી ભાગાદોડી ઓછી થાય અને રેશનાલીઝમની સેવા માટે તમે પાંચ વર્ષ વધુ જીવો એ જોવાની મારી નેમ છે."

આવું કોઈ જો તમને કહે તો તમે રોમાંચ અનુભવો ખરા? જો હા, તો આપણા અમેરીકાસ્થીત મીત્ર દીપક પટેલે એવું કહ્યાથી મને થતો રોમાંચ તમે સમજી શકશો. જીહા, હું સાચા અર્થમાં રોમાંચીત થયો છું.

વાત આરંભતાં પહેલાં એટલી ચોખવટ કરી દઉં કે રેશનાલીઝમને પુરસ્કૃત કરનારી વાત હોવાથી જ આટલી જગ્યા રોકવાનું યોગ્ય માન્યું છે.

વાચકો ભુલ્યા નહી જ હોય કે દોઢ વર્ષ પહેલાં ૨૦૦૬ની ૨જી જુલાઈએ મુ. રમણભાઈની ભલામણથી તેમને જ ઘેર બારડોલીમાં પ્રથમ મુલાકાતે જ દીપકે મારા હાથમાં રુપીયા પચ્ચીસ હજારની થપ્પી 'વીવેકપંથી'ને ટેકો કરવાના ઉદ્દેશથી મુકી દીધી હતી અને એ જ અરસામાં સુરતની સત્યશોધક સભાને અને જોરાવર–નગરના જમનાદાસ કોટેચાને પણ સઉદ્દેશ આર્થીક ટેકો આપ્યો હતો.

ફોન પર દીપકે મને કહ્યું,"વીવેકપંથીનાં પાનાં તમે ઘેરબેઠાં તૈયાર કરી/કરાવી શકો અને ઘેરબેઠાં જ વીશ્વભરની માહીતીઓ મેળવી શકો તે માટે ઈન્ટરનેટ સાથેનું કોમ્પ્યુટર અને પ્રીન્ટર ખુબ ઉપયોગી થશે." અને ત્યારબાદ તરત – તા. ૨૩મી જાન્યુઆરીએ મને ઘેરબેઠાં એમણ 'વીવેકપંથી'ના નામનો રુ. ૪૦,૦૦૦/– નો ચેક મોકલી આપ્યો છે.

આ સમાચાર સુરત મીત્ર ઉત્તમ ગજજરને અને બારડોલી મુ. રમણભાઈને ફોન ઉપર જણાવતાં રમણભાઈના ઉદગાર આ હતા, "**માત્ર દોઢ જ વર્ષના પરીચયે આ ઉત્સાહી યુવાને રેશનાલીઝમને પુરસ્કૃત કરવાની નેમથી રુપીયા સવા બે થી અઢી લાખ જેટલી રકમ અર્પણ કરી છે. ખરેખર દીપક પટેલ રેશનાલીઝમના સાચા અને સક્ષમ પુરસ્કર્તા છે. ઉંડી સમજદારી ધરાવતા આવા લોકોની સંખ્યા વધે તો રેશનાલીઝમના વેગને કોઈ રોકી શકે નહી.**"

હવે ઉત્તમભાઈ અને અન્ય અનુભવીઓના માર્ગદર્શનથી કોમ્પ્યુટર સેટની વ્યવસ્થા ગોઠવવાની સક્રીય વીચારણા ચાલુ છે. ગુજરાતી ડીટીપી માટે કોમ્પ્યુટર ઓપરેટરની પણ તલાશ છે. સહકાર આપી શકે તેવા મીત્રોને તેમ કરવા વીનંતી.

એ તો સુવીદીત છે જ કે રમણભાઈએ આયુશ્યના પંચોતેર વર્ષ ૧૯૯૭માં પુરાં કર્યાં તે નીમીત્તેના સમારોહમાં રમણભ્રમણ સુવર્ણ ચંદ્રક યોજાયો હતો, જેની જવાબદારી સુરતની સત્યશોધક સભાએ સ્વીકારી હતી.

યોજનાના અમલ રુપે ૧લો અને ૮મો ચંદ્રક સમારંભપુર્વક અપાયા હતા, પણ વચ્ચેના ૬ ચંદ્રકો અન્ય આયોજનની હારોહાર આપી દેવાયા હતા. સત્યશોધક સભા પાસે દર વર્ષના સમારંભ માટેની જોગવાઈ નહોતી. ગત્ વર્ષે મને ૮મો ચંદ્રક અર્પણ થવાનો છે તેની જાણ થતાં તે સમારંભપુર્વક યોજવા દીપક પટેલે રુપીયા દસ હજાર સત્યશોધક સભાને મોકલી આપ્યા હતા એ સૌ જાણે છે.

રમણભાઈના જબરા ચાહક દીપક પટેલના મનથી આ ચંદ્રકનું મુલ્ય ઘણું ઉંચું છે. એમણે એ મુલ્ય પ્રસ્થાપીત કરવા માટે જે કંઈ કર્યું છે તે જાણવા આપણે સત્ય શોધક સભાના મુખપત્ર "સત્યાન્વેશણ"ના ૧૧ જાન્યુઆરી અંકના પાનાં નં ૨૫ ઉપર છપાયેલા નીચેના સમાચાર વાંચીએ :

રમણ ભ્રમણ સુવર્ણચંદ્રક હવે સ્વનીર્ભર !

ગુજરાત અને મુંબઈમાં અખબારોના લેખો દ્વારા રમણ પાઠકે રેશનાલીઝમના પ્રચાર અને પ્રસારનું જબરદસ્ત કાર્ય કર્યું છે. વીસમી સદીના ઉત્તરાર્ધથી 'ગુજરાતમીત્ર'માં રમણભ્રમણ કટાર દ્વારા એમણે વાચકોને રેશનાલીઝમ વીશે વીચારવાની ફરજ પાડી છે. મુંબઈમાં પણ થોડાક વર્ષો માટે 'સમકાલીન' અખબારમાં 'સંશયની સાધના' કટાર મારફતે એમણે આ જ કામ કર્યું. આ ઉપરાંત, અનેક પુસ્તકો અને લેખો દ્વારા એમણે સમાજને બેઠો કરવામાં મહામુલું યોગદાન આપ્યું. આથી, જ્યારે એમનાં ૭૫ વર્ષ પુરાં થયાં ત્યારે તેની ઉજવણીમાં 'સત્યશોધક સભા'એ જાહેર કર્યું કે તેઓ રમણભાઈના આ વીચારોને આગળ ચલાવનારને સુવર્ણચંદ્રકથી દર વર્ષે વીભુશીત કરશે. 'ગુજરાતમીત્રની' કટાર 'રમણભ્રમણ'થી આ વીચારક્રાંતી થઈ હતી તેથી તે સુવર્ણચંદ્રકનું નામ 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' રાખવામાં આવ્યું. આ ચંદ્રક એનાયત કરવા માટે સત્યશોધક સભા પાસે અલાયદું કોઈ ભંડોળ નહોતું. દાતાઓનાં દાન અથવા સભાના પોતીકા ભંડોળમાંથી અત્યાર સુધી અનેક પ્રખર

રેશનાલીસ્ટોને તે ચંદ્રક એનાયત થયો છે. આ માહીતી બારડોલી પાસેના આફવાના મુળ રહીશ અને હમણા અમેરીકા સ્થીત દીપકભાઈ લ. પટેલને મળી. આથી એમણે આ સુવર્ણ ચંદ્રક માટે સ્થાયી ભંડોળ કરવા માટે સત્યશોધક સભાને રુ. ૧,૦૦,૦૦૦/-નું દાન આપ્યું છે. ઉપરાંત હવે, નજીકના ભવીશ્યમાં જે ચંદ્રક આપવામાં આવે તે ચંદ્રક અને તેના એનાયત સમારંભ માટે અલગ રુ. ૧૫૦૦૦ આપ્યા છે. વધારે આનંદની વાત એ છે કે એમણે 'સત્યાન્વેશણ'ના પ્રચાર-પ્રસાર માટે અલગ રુ. ૧૦,૦૦૦/- પણ આપ્યા છે. સત્યશોધક સભા દીપકભાઈનો આભાર માને છે. એમના વખતોવખતનાં આ પ્રકારનાં દાનથી સત્યશોધક સભાના કાર્યકરોને રેશનાલીઝમ માટે પ્રવૃત રહેવા ઉત્તેજન મળે છે.

૯મો ચંદ્રક વલ્લભ ઈટાલીયાને

તા. ૯મી ફેબ્રુઆરીએ બાબુભાઈ દેસાઈએ ફોન પર જણાવ્યા પ્રમાણે આ વખતનો ૯મો સુવર્ણ ચંદ્રક સુરતના પાકા રેશનાલીસ્ટ ઉદ્યોગપતી વલ્લભભાઈ ઈટાલીયાને બહુદા એપ્રીલમાં સમારંભપુર્વક અર્પણ કરવાનો નીર્ણય લેવાયો છે.

ગુજરાતી ડીટીપી માટે સવેતન કોમ્પ્યુટર ઓપરેટરની તાકીદે જરુર છે. મદદ કરી શકે તેવા મીત્રોને કાર્યાલયના સરનામે અથવા ફોન પર સંપર્ક કરવા વીનંતી છે.

દેશને બચાવવા મતદારોનું સંગઠન જરુરી

રાજકારણીઓ રેશનાલીસ્ટ થાય તો દેશ ઉન્નત થાય

– ડો. કે. ડી. પંડયા

(પ્રમુખ: ગાંધી સ્વરાજ જસ્ટીસ ફોર વોટર્સ)

ભારતની મોટી સમસ્યા છે મતદારોને લુંટતા છેતરતા રાજકીય પક્ષો. ઈંગ્લેન્ડના ભુતપુર્વ સાંસદ લોર્ડ હેલીફેક્સે કહ્યું છે, 'રાજકીય પક્ષો એ બાકીના લોકો વીરુધ્ધનું એક પ્રકારનું કાવત્રું છે.'

દાદા ધર્માધીકારીએ તેમના પુસ્તક 'લોકનીતી'માં લખ્યું છે, 'હવે રાજનીતીનો નાશ કરી, લોકનીતીની સ્થાપના કરવાની જરુરત ઉભી થઈ છે' : રાજામાંથી રાજનીતી શબ્દ બન્યો છે અને તેનું જ રુપ છે રાજકારણ. રેશનલ-ઈમોશનલનો ભેદ કીરણ ત્રીવેદીએ પાલનપુર અધીવેશનના સોવીનીયરના પાનાં ૪૬,૪૭,૪૮ પરના તેમના લેખમાં સુપેરે સમજાવ્યો છે, જે વાંચી જવાની મારી સૌને ભલામણ છે.

આપણે આપણી જાતને વીવેકપંથી તરીકે ઓળખાવીએ, પણ વીવેકરુપી શસ્ત્ર બુઠ્ઠું હશે તો, એમાં ધાર કાઢવી પડશે. બુધ્ધ વીવેકપંથી હતા, પણ સ્થાપીત હીતોએ તેમને ભગવાન બનાવી દીધા. આજે ક્યાં છે એક બૌધ્ધીક (વીવેકપંથી) ? ધર્મનો બુધ્ધનો અર્થ હતો, કર્મ-કર્તવ્ય. અશોક જેવો સમ્રાટ જેનો પ્રચારક-પ્રસારક હતો તેવા બોધધર્મનો પણ રકાશ થયો, તો આપણે ક્ષુદ્ર જીવની વીશાત શી ? આપણે સભાન થવું પડશે, સબળ થવું પડશે.

અને એ જ સ્થીતી ઈશુની પણ થઈ. તેની સંસ્થાઓમાં ફાધર, મધર, બ્રધર, સીસ્ટર જેવા હોદ્દા રાખી વૈશ્વીક કુટુંબની સ્થાપના ચાહી, તો તેને ફાંસીએ ચડાવાયા અને પછી ફાંસીના માંચડાને ક્રોસનું પ્રતીક બનાવી અનુયાયીઓએ પોતાને ઈશ્વરના પુત્ર ઠેરવી, ખીસ્ત્રી ધર્મ સ્થાપી વીશ્વને લુંટવાનું ચાલુ કર્યું.

મહંમદે મર્તીપુજાનો વીરોધ કરી એકેશ્વરનો પ્રચાર કર્યો એ એનો વીવેક હતો. આપણું ધ્યાન હવે હીન્દુ-મુસ્લીમ-ખીસ્ત્રી વચ્ચે એકતા સ્થાપવા પર હોવું ઘટે, જે રાજકારણીઓ થવા દેશે નહી. એ કરવા માટે જરુરી છે મતદારોનું સંગઠન, મતદારો વચ્ચે એકાત્મતા.

આ માટે શું કરવું જોઈએ, કેવું પરીવર્તન લાવવું જરુરી છે તે વીશે હું ચીંતીત છું. આ માટે ચાણક્ય બની ગુપ્ત આયોજનો નહી કરીએ તો રાજકીય પક્ષો સત્યાનાશ વાળશે. કારણ કે એમની પાસે લાખો-કરોડોની સેનાઓ છે. હું આ દીશામાં શાંત ક્રાંતી લાવવા રેશનાલીસ્ટોનો સહકાર ઈચ્છું છું.

'રાશ્ટ્રીય મતદાર સંઘ' સ્થાપવાની ખાસ જરુર છે. યાદ રાખો, રાજકીય પક્ષો અને રાજકારણીઓ મોટાભાગે મુર્ખાઓની ટોળીઓ છે. એમનામાં વીવેક- બુધ્ધી તો શું, પણ સામાન્ય બુધ્ધીનોય અભાવ છે.

આપણે ચાણક્ય બની ગુપ્ત આયોજનો નહી કરીએ તો રાજકીય પક્ષો સત્યાનાશ વાળશે

એકી સાથે બધા જ રાજકીય પક્ષોનો ખાતમો બોલાવી દેવાના એક ઉપાય રુપે મેં ૧ ડીસેમ્બર ૨૦૦૭ના રોજ

ચુંટણી કમીશનરને એક પત્ર લખીને તેની નકલો ઘણા લાગતા-વળગતાઓને મોકલી હતી.

મેં ચુંટણી કમીશનરને હાલના સોગંદનામાના સ્થાને હવે પછી જરુરી એવા સોગંદનામાનો નીચે પ્રમાણેનો મુસદ્દો પણ મોકલ્યો છે.

હાલનો મુસદ્દો : *હું..... વીધાનસભામાં બેઠક ભરવા માટેના ઉમેદવાર તરીકે નામ નીયુક્ત થયેલ, ગંભીરતાપુર્વક સોગંદ લઉં છું કે હું કાયદાથી સ્થાપીત ભારતના સંવીધાન પ્રત્યે સત્યનીશ્ઠા અને વફાદારી રાખીશ અને હું ભારતના સાર્વભૌમત્વ તેમજ અખંડડીતતાનું સમર્થન કરીશ,*

અપેક્ષીત મુસદ્દો : *"લોકપ્રતીનીધી ધારા ૧૯૫૧" મુજબ ગુજરાતના મતવીસ્તારના મતદારોએ મારો ચુંટણીરુપી ઈન્ટર્વ્યુ લઈ, તેમના પગારદાર "લોકપ્રતીનીધી" તરીકે તેમના મતવીસ્તારનો, તેમના વતી "ધારાસભા"માં બેસી રાજવહીવટ કરવાનો અધીકાર આપ્યો છે. હું..... ના લોકપ્રતીનીધી તરીકે ગંભીરતાપુર્વક સોગંદ લઉં છું કે સંબંધીત મારા ઉપરોક્ત મતવીસ્તારના મતદારોને સત્યનીશ્ઠ, વફાદાર અને આજ્ઞાંકીત રહીશ અને મારી વફાદારી/ આજ્ઞાંકીતતા અન્ય કોઈ વ્યક્તી કે જુથને આપીશ નહી અને આ સાથે ભારતના સંવીધાનની કલમ ૧૭૩/એ મુજબ ભારતના સાર્વભૌમત્વ તેમજ અખંડીતતાનું પાલન કરીશ.*

અહીં મારે આ વાંચનાર સૌને કહેવાનું છે કે જો હવે આપણે સાબદા થઈશું નહી, તો ભ્રશ્ટાચારી રાજકારણીઓ આપણને આપસમાં લડાવી મારીને નીજી સ્વાર્થ સાધતા રહેશે. પરીસ્થીતી બદલ્યા વીના હવે છુટકો નથી. મલ્ટીનેશનલો ધનવાન-શક્તીવાન છે. તેઓ સત્તાની બહાર રહી રાજકીય પક્ષો મારફત ભારત સહીત વીશ્વના દેશોને લુંટતા રહેશે.

જનહીત મંચ જેવી સંસ્થાઓ તથા રેશનાલીસ્ટોએ આ કામ ઉપાડી લેવા જેવું છે. ગુજરાતની ચુંટણી થઈ ગઈ, પણ હજી પાર્લામેન્ટની ચુંટણી આવવાની છે.

હું માનું છું કે જો રાજકારણીઓ રેશનલીસ્ટ બની જાય તો દેશ જરુર ઉન્નત થાય, પણ વો દીન કહાં ..... અને તેથી જ મતદારોનું દેશવ્યાપી સંગઠન અત્યંત જરુરી છે.

આ વીશયમાં પોતાના વીચારો પ્રગટ કરવાની હું "વીવેકપંથી"ના વાચકોને અપીલ કરું છું.

[સવીસ્તર પત્રનો સંક્ષેપ]

લેખકનું સરનામું : એસ.બી/૧૧, રચના એવન્યુ, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૨૧

જાથા એપ્રીલના અધીવેશનમાં

જે.પી. મહેતાને ચાર્વાક ચંદ્રક એનાયત કરશે

'નરનારી મતદાતા રાજ'નો ડીસેમ્બર/જાન્યુઆરી ૨૦૦૮નો અંક 'ગાંધી સ્વરાજ જસ્ટીસ ફોર વોટર્સ'ના મુખપત્ર તરીકે પ્રગટ થયો છે. તા. ૨૯મી જાન્યુઆરીએ વીવેકપંથીને ટપાલમાં મળેલા અંકના રંગીન મુખપૃશ્ઠના મથાળે વર્શ ૨/૩, સળંગ અંક ૩૦/૩૧ છપાયેલ છે અને મેનેજીંગ તંત્રી તરીકે ડો. પ્રકાશકુમાર ચાવડાનાં નામ અને તસવીર છપાયાં છે. અગ્રલેખ પણ તેમણે જ લખ્યો છે.

પ્રકાશ ચાવડા જાથાના સક્રીય કાર્યકર અને જયંત પંડયાના સંનીશ્ઠ સાથી છે. પ્રાપ્ત થયેલો અંક પણ 'જાથા'ના મુખપત્રની જ છાપ ઉપસાવે છે, જેમાં ચાર અંગ્રેજી પાનાં પર ભારત જન વીજ્ઞાન જાથાનો પરીચય છપાયો છે. મુખપત્ર શરુ કરવાની જયંત પંડયાની જુની મહેચ્છા અંતે જો આ રીતે પણ મુર્ત થતી હોય તો તે વાત વધાવી લેવા જેવી છે.

પાનાં ૪૦+૪ રંગીન ટાઈટલવાળા આ અંકના દ્દ્રે પાને આકાશ પંડયા (મોબાઈલ નં ૯૪૨૬૯૦૩૯૩૬)ના આલેખનમાં જણાવ્યા પ્રમાણે જાથા દ્વારા એપ્રીલ ૨૦૦૮માં રાજકોટ ખાતે ગુજરાત-મહારાશ્ટ્ર કક્ષાનું બે દીવસીય રેશનાલીસ્ટ અધીવેશન યોજવામાં આવશે.

રાજ્યના ચેરમેન જયંત પંડયાના જણાવ્યા પ્રમાણે આ અધીવેશન દરમીયાન **મહર્શી ચાર્વાક રાશ્ટ્રીય સુવર્ણ ચંદ્રક મહુવાના ચીંતક પ્રા. જે. પી. મહેતાને વીજ્ઞાનપ્રેમીઓની હાજરીમાં સન્માન સાથે એનાયત કરવામાં આવશે.** કાર્યક્રમમાં આમંત્રીતો જ ભાગ લઈ શકશે.

સફળ અને સરસ આયોજન માટેની શુભેચ્છા સાથે 'વીવેકપંથી' અને તેના વાચકો સમારંભનાં નીશ્ચીત સમય અને કાર્યક્રમ જાણવા આતુર એટલા માટે છે કે મહુવાના જીતેન્દ્ર પી. મહેતા મુંબઈના વીવેકપંથી જ હોઈને તેમના સન્માનની મુંબઈને લાંબા સમયથી પ્રતીક્ષા છે.

વીવેકપંથી ૭૧ ફેબ્રુઆરી ૨૦૦૮

તંત્રીની કલમે

ગાંધી–અસ્થીવીસર્જન

૩૦મી જાન્યુઆરી–ગાંધીનીર્વાણ દીને ગાંધીની પ્રપૌત્રી નીલમ પારેખ અને પ્રપૌત્ર તુશાર ગાંધીએ મુંબઈની ચોપાટીના દરીયામાં ગણમાન્ય લોકોની હાજરીમાં ગાર્ડ ઓફ ઓનર સાથે જેનું વીસર્જન કર્યું તે અસ્થીનો કળશ છેલ્લે મુંબઈના મણીભવનમાં સંચવાયેલો હતો. હજી એક (કદાચ છેલ્લો) કળશ અમેરીકામાં કેલીફોર્નીયાના લોસ એન્જેલસસ્થીત યોગાનંદ આશ્રમમાં છે, જે મેળવવાના તુશાર ગાંધીના પ્રયત્નને દાદ મળતી નથી.

ગાંધીજીની ચીરવીદાય બાદ તેમના અસ્થીઓને ૨૮ કળશમાં ભરીને દેશના વીવીધ રાજ્યોને મોકલવામાં આવ્યા હતા.

ઉપરના ટુંકા સમાચારને તાણી તાણીને લાં.....બા કરી ધોધમાર વરશાવતાં પ્રકાશનો અને પ્રસારણો આપણે ૩૦–૩૧ના બે દીવસ વાંચ્યા–જોયા–સાંભળ્યા અને ૧લી ફેબ્રુઆરીએ પાછા કોણ ગાંધી ?

હા, જો સમાધાન જ લેવું હોય તો એ વાતે લઈ શકાય કે ગાંધીની ચોથી પેઢીએ પણ કોઈક તો છે, જેને પ્રકાશમાં આવવા માટે વર્શમાં બે દીવસ મળે છે – બીજી ઓકટોબર અને ૩૦મી જાન્યુઆરી.

આપણી મુળ વાત છે ગાંધી–અસ્થીવીસર્જનની.

શબ્દકોશ ઉઘાડીને જોતાં 'અસ્થી' શબ્દનો અર્થ મળે છે, શબને બાળી નાખ્યા પછીની રાખમાંથી વીણવામાં આવતી હાડકાંની કરચો; ફુલ :

અહીં આઈન્સ્ટાઈનના આ શબ્દો યાદ આવે,"ભવીશ્યમાં કોઈ માનશે નહી, કે આવો કોઈ હાડચામનો માણસ આપણી વચ્ચે હતો." હાડચામના એ માણસનાં હાડકાંની કરચોને ૬૦મે વર્શે દરીયામાં પધરાવવાનો ખેલ આપણો જોયો.

આમ તો ગાંધી સાડાત્રણ હાડકાંનો મહામાનવ મનાય છે. ગણવાં હોય તો ગણી શકાય તેટલાં જ હાડકાંનો એ દેહ! પણ એટલાં હાડકાં બચાવવાનો પ્રયત્ન એણે જીવતાં જીવત પણ કયાં કર્યો હતો ! માનવજાત માટે હાડકાં ગાળી નામનારો જ એ ઈસમ.

એણે શું ક્યારેય કલ્પના કરી હશે કે મર્યા પછી એનાં હાડકાંની કરચોના પણ ૨૮ ભાગ થશે ? અરે, ૨૮ કળશો ભરાય એટલાં હાડકાં એ દેહમાં હતાં જ ક્યાં ! અગ્ની સંસ્કાર પછી કળશમાં ભરવા માટે હાથમાં શું આવ્યું હશે ?

મરણોત્તર ક્રીયાઓ વીશે ગાંધી શું વીચારતા હશે તે આ લખનાર જાણતો નથી. પણ જે રીતે ગાંધીને પેખ્યા છે, તેના પરથી એમ માનવાનું મન થાય છે કે અસ્થીવીસર્જન જેવા મીથ્યાચાર સાથે ગાંધી સંમત તો ના જ હોય. પણ ગાંધી સંમત હોય કે ના હોય, એ મીથ્યાચારનો દુન્યવી મહીમા તો અનેરો જ છે. ગંગા જેવી પવીત્ર મનાઈ ગયેલી નદીઓને પ્રદુશીત કરવામાં એનો મહાભાગ છે.

આપણી રેશનાલીસ્ટ માન્યતામાં અસ્થીવીસર્જનનો વીચાર કોઈ કાળે ના બેસે. દેહ નીશ્ચેતન થયા પછી પર્યાવરણને કે આરોગ્યને નુકસાન પહોંચાડે તે પહેલાં એનું કોઈને કોઈ રીતે વીસર્જન કરી નાખીયે એટલે એક દેહનું પ્રકણ પુરું. પછીથી એનું કંઈ જ કરવાનું ના હોય, ભલે સ્મૃતી સ્વરુપે પછી એ દીર્ઘકાળ જીવે.

પણ મૃતક પ્રત્યેની લાગણીનો દુન્યવી દેખાડો જરુરી મનાઈ ગયો છે, તેથી માણસના મર્યા પછી પણ તેના નીમીત્તે કેટકેટલા ખેલ પડે છે. એવો જ એક ખેલ તે ગાંધી–અસ્થીવીસર્જન !

તમારા આ તંત્રીની એકનીએક પુત્રી પ્રા. હર્શા બાડકર ફીલોસોફીના જ એક વીશય તરીકે તેના વીદ્યાર્થીઓને ગાંધી ભણાવે છે. એ માને છે કે ગાંધીનું વ્યક્તીત્વ અને તેના વીચારોનો ઝોક મહદ્ અંશે ભલે ધર્મતરફી જણાય, પણ એના કેટલાક વીચારો રેશનાલીઝમની નજીક પણ વર્તાય છે. જો ગ્રહમુક્ત અભ્યાસ કરીએ તો ગાંધીને રેશનાલીઝમની નજીક પણ પેખી શકાય ખરા.

દેહધારી ગાંધીના માની લીધેલા અવશેશ તરીકે એક અસ્થીકળશ ભલે અમેરીકામાં જ પડયો, આપણે ગાંધી વીચારનું રેશનાલીસ્ટ આકલન નવેસરથી કરીએ તો કેમ?

ચમત્કારી ગોદડીયા બાપુ !

દુધાળા નામે ગામ. એક ફકીર જેવા દેખાતા યુવાને ગામમાં પાણીની અંજલીથી ગોદડું સળગાવ્યું. પવીત્ર હવનકુંડીમાં ઘી હોમતાં જ અગ્ની પ્રગટ થયો. બાપુ પાસે ના મળે દીવાસળી, કે ના મળે લાઈટર. સવ્યંભુ અગ્ની (આપોઆપ) પ્રગટ થતાં, ગામમાં વાતો વહેતી થઈ અને લોકોનાં ટોળેટોળાં દુધાળા આશ્રમે ઉમટયાં બાળબ્રહ્મચારીના દર્શને.

ગામના એક યુવાને બાપુને પુછયું કે સ્વયંભુ અગ્ની પ્રગટ થવાનું કારણ શું ? બાપુએ જવાબ આપ્યો કે "મેં અગ્ની મંત્ર અને આગીયો વેતાળ સાધ્ય કર્યાં છે, આખા ગામમાં આગનો – અંગારાનો વરસાદ વરસાવી શકું છું." ગામમાં ગભરાટ ફેલાયો.

ગામના ચોરે ગામ ભેગું થયું. બાપુ અંગારા ના વરસાવે તે માટે અનાજ, રુપીયાનો ફાળો થવા માંડયો. બાપુએ ગોદડું સળગાવ્યું માટે તેને 'ગોદડીયા બાપુ'નાં નામે સૌ એળખવા લાગ્યા. આશ્રમ થયો, ગૌશાળા થઈ, શીખરબંધ મંદીર થયું, ભક્તો અને ભકતાણીઓનો પાર નહીં. મોટરકાર ભેટમાં આવી. આશ્રમ અને મોટરકાર ઉપર ચીત્રકાર (પેઈન્ટર) પાસે લખાવ્યું, "દુધાળા આશ્રમ"

થોડા વર્ષો બરાબર ચાલ્યું, પછી એક ઘટના ઘટી. જે ભકતાણીને "મૈયા–મૈયા" કહી બાપુ બોલાવતા, તેની સાથે જ લગ્ન કર્યા. એક સંતાન પણ થયું. હવે ગામ જાગ્યું. યુવાનોએ ચમત્કાર ચકાસણી કેન્દ્ર–પાલીતાણા તથા માનસ્ પ્રદુશણ નીવારણ કેન્દ્ર–અમદાવાદનો તથા જોરાવરનગરનો સંપર્ક કર્યો. અંધશ્રધ્ધા વીરોધી કેન્દ્ર દ્વારા બાપુના ચમત્કારનો પર્દાફાસ થયો.

ગોદડું સળગવાનું કારણ યુવાનોને કેન્દ્ર દ્વારા જાણવા મળ્યું કે, બાપુએ ગોદડામાં સોડીયમ્ મેટલના ટુકડા રાખ્યા હતા, જે પાણી અડતાં જ સળગે છે અને કેરોસીન અડતાં આગ બુઝાય છે. હવનકુંડીમાં પોટેશીયમ્ પરમેંગનેટનો બારીક ભુકો નાખેલો હતો, અને ઘીમાં ગ્લીસરીન ભેળવેલું હતું, જે બન્ને ભેગાં થતાં રાસાયણીક ક્રીયા થાય છે અને ભડભડ અગ્ની પ્રગટે છે. હવે ગામના જાગ્રત યુવાનો બાપુ સામે આ વૈજ્ઞાનીક પ્રયોગ કરી બતાવે છે.

આ જોઈ બાપુને ગામ છોડી ભાગવું પડયું. આ કહેવાતા ચમત્કારી ગોદડીયા બાપુ હાલ પાલીતાણાના સરાણીયા બજારમાં પ્રાયમસ રીપેરીંગનો પ્રમાણીક ધંધો કરે છે.

લીલ પૈણાવો, "લીલ"

ભાવનગર – અમરેલી પંથકમાં જો કોઈ કુંવારો યુવાન અકસ્માતમાં મરી જાય તો તેની "લીલ" પૈણાવાનો કુરીવાજ ચાલુ છે. કહેવાય છે કે જ્યાં સુધી "લીલ" ના પૈણાવાય ત્યાં સુધી મરનાર યુવાન (યુવતી નહી) ભુત થઈ ભટકતો ભમે છે. જ્યારે લીલની વીધી કરવામાં આવે ત્યારે મરનાર યુવાન ઘરના કુટુંબમાંથી કોઈકના શરીરમાં પ્રવેશી–જાહેરાત કરે છે કે મને લીલ પહોંચી ગઈ છે અને હું હવે ભટકતો મટી, સ્વર્ગે સીધાવું છું.

સણોસરા લોક વીદ્યાલયનો એન.એસ.એસ. શીબીર બગદાણા ગામે હતો. મને અંધશ્રધ્ધા વીરોધી – લોક જાગૃત્તી કાર્યક્રમ માટે ત્યાં નીમંત્રણ મળેલું. બાર વાગે મારો કાર્યક્રમ પુરો થયો એટલે ખેડુત–પટેલ વાસમાં ડાકલું વાગવા લાગ્યું. પ્રાથમીક શાળાના હેડ–માસ્તર મને કહે, પટેલ વાસમાં ચાલો, ત્યાં ૧૮ વર્ષનો જુવાન–જોધ દીકરો અકસ્માતે મરી ગયો છે, તેની લીલ પરણે છે. દીકરો સાત ધોરણ ભણેલો હતો.

હેડ માસ્તર સાથે હું પટેલવાસમાં ગયો. મરનારની ભાભી કે જે તદ્દન અભણ હતી, તેના શરીરમાં મરનાર યુવાન ઈશ્વર આવ્યો અને ભાભી ધુણતાં ધુણતાં બોલી કે " હું ઈશ્વરનો ભટકતો – ભુત આત્મા છું. મને હવે બોલાવશો નહી. મને લીલ પહોંચી ગઈ છે."

મેં વચ્ચે કહ્યું, "ભાઈ ઈશ્વર, હું તમારો મહેમાન છું. મેં અહીં જાણ્યું કે તમે તો સાત ધોરણ ભણેલા હતા." ધુણતી ભાભીએ કહ્યું, "હા, હું સાત ધોરણ ભણ્યા પછી છકડો–રીક્ષા ચલાવતો હતો અને અકસ્માત થયો."

મેં કહ્યું, "જો તમે સાત ધોરણ ભણેલા છો તો કહો. આ પુસ્તકનું નામ શું છે? " (મારી પાસે "ચીત્રલેખા" હતું)

ભાભી બીચારી અભણ. શું વાંચે કે લખે ? ધુણતી બંધ થઈ ગઈ. યુવાનો એકઠા થયેલા, તે હસવા લાગ્યા.

ચમત્કારની ચકાસણી કરો. ચમત્કાર સાબીત કરો તો હું પાંચ લાખ રુપીયા ઈનામ આપીશ.

– **ચતુર ચૌહાણ** (વીવેકબુધ્ધીવાદી)
ચાંદખેડા – અમદાવાદ. (૯૮૯૮૨૧૬૦૨૯)

વીચારલાલીત્ય

સુંદર મન વીનાનો સુંદર ચહેરો કાચની આંખ જેવો છે. કાચની આંખ ચમકશે તો ખરી, પણ જોઈ શકશે નહીં.
– ડેલ કાર્નેગી

વીચીત્ર વૃત્તાંત

– જયદેવ ત્રીવેદી (એડવોકેટ)

શેરબજારની તેજી–મંદી

★ શેરબજારની ઉથલપાથલમાં કરોડોનું જે નુકસાન થયું તેનું કારણ મોટા ભાગના શેરદલાલો દલાલ સ્ટ્રીટની ઈમારતમાં મુકાયેલા આખલાને માને છે. આખલાની આ પ્રતીમા પનોતીરુપ હોઈને એને વહેલી તકે રાણીબાગમાં ફેરવી નાખવી જોઈએ તેવી પણ માંગ છે.

★ જર્મનીની ડોઈચ બેન્કના સંશોધન પ્રમાણે વીશ્વની ઉંચી ઈમારતો બંધાઈ તે પછી શેરબજારમાં મોટી મંદી સર્જાઈ છે. ૧૯૨૯માં અમેરીકામાં સર્જાયેલી મહામંદીના થોડા જ સમય પહેલાં મશહુર ગગનચુંબી ઈમારત એમ્પાયર સ્ટેટ બંધાઈ હતી. ૧૯૭૩માં શીકાગોમાં સીઅર્સ ટાવર બન્યા બાદ ૧૯૭૪માં મંદી, મલેશીયામાં પેટ્રોનાસ ટાવર બન્યા બાદ આવી જ સ્થીતી નીર્માણ થઈ હતી. છેલ્લા બે વર્ષથી દુબઈમાં ગગનચુંબી હોટલ બની રહી છે, તો હવે દુનીયાનું સૌથી ઉંચું મકાન ચીનમાં બની રહ્યું છે. સટોડીયાઓ સાવધાન !

★

★ જાવા ટાપુના દક્ષીણ કીનારે કારીન્જીન ખાતે હાજી બબન પુરુશના ગુપ્તાંગના વીવીધ મોડેલો રાખે છે અને ગ્રાહકોની પસંદગી પ્રમાણે મંત્રશક્તીથી ગુપ્તાંગ વીકસાવી આપે છે. તેની દાદી પણ ઈન્ડોનેશીયાની મંત્રશાસ્ત્રી હતી, જે મંત્રથી ગુપ્તાંગ મોટા કરી આપતી હતી. ઈન્ડોનેશીયામાં આ ધંધો મોટા પાયે ચાલે છે. ગેરન્ટી સર્વીસ માટે અખબારોમાં જાહેરખબરો પણ છપાય છે.

★ તાજેતરમાં સ્ત્રીના સ્તન મોટાં કરી આપવાના બહાને અડપલાં કરનાર મલાડના એક ડોક્ટરની ધરપકડ થઈ છે.

★ સતારાના જ્ઞાનેશ્વર કુણાલને શંકા પડી કે સીત્તેર વર્શના તેના કાકા ધોંડીરામે મેલી વીદ્યાથી મુઠ મારીને તેના પીતાને મારી નાખ્યા છે. એણે દાતરડાના એક જ ઝાટકે કાકાનું માથું ઉડાવી દીધું– મુંબઈ હાઈકોર્ટે તેને ફાંસીની સજા કરી છે.

★ ભુવાએ કહ્યું, "તારો એઈડઝ મટાડવા નાની વયની કન્યા સાથે સંભોગ કર. એઈડઝ મટી જશે." હરીશે દસ વર્શની માસુમ બાળકી પર બળાત્કાર કરીને પછી ભુવાની સલાહ મુજબ તેનો દેવીને ભોગ ચડાવી દેતાં તેને આજીવન કારાવાસની સજા થઈ અને અપીલ કરવા જતાં હાઈકોર્ટે સજા ફાંસીમાં ફેરવી આપી.

★ તામીલનાડુનો મુસ્લીમ મુનેત્ર કળગમ રામસેતુને રહીમ સેતુ માને છે. કહે છે હજારો વર્શ પુર્વે હઝરત આદમે આ પુલ પર થઈને પગપાળા કોસંબોથી સાઉદી અરેબીયાનો પ્રવાસ કર્યો હતો.

★ રામેશ્વરમાં હબીલ અને કબીલ નામોથી ઓળખાતી ૬૦ ફુટ લાંબી બે કબરો છે. બાઈબલના ઓલ્ડ ટેસ્ટામેન્ટ (જુના કરાર)માં અબેલ અને કેન જેવાં તેના ઈસ્લામી નામો છે. આ કબરોની દેખરેખ માજી રાશ્ટ્રપતી એપીજે કલામના સંબંધીઓ રાખે છે.

★ અમદાવાદમાં સોનીયા નામના વ્યંઢળે પોતાનો નહેરુ બ્રીજનો વીસ્તાર છોડીને અમરાઈવાડાની સંજુમાસીના વીસ્તારમાં એક યુવાનને વ્યંઢળ બનાવ્યો અને બે વ્યંઢળ જુથો વચ્ચે બંદુકનો જંગ થયો. અગાઉ વડોદરામાં માબાપે સોંપેલા ત્રણ કીશોરોને ધામધુમથી વ્યંઢળ બનાવવામાં આવ્યા હતા.

★ જોઈતો'તો પુત્ર પણ ઓરીસ્સાના એક પ્રસુતીગૃહમાં પત્નીએ પુત્રીને જન્મ આપતાં જાકોરી ગામના યુવાન પત્રાને નવજાત પુત્રીને બારીની બહાર ફેંકી દેતાં નર્સે પકડીને પોલીસને હવાલે કરી દીધો.

★ કોલકત્તાના રવીન્દ્ર સરોવર સ્ટેડીયમમાં સ્પર્ધક પી.ટી. ઉશાને દાખલ થતાં કમલ આચાર્ય નામના આયોજન મંત્રીએ રોકી. એ ઉશાને ઓળખતો નહોતો. પત્રકારોએ પરીચય કરાવતાં મુર્ખ મંત્રીને ભાન થયું.

★ મુંબઈની સેસન કોર્ટમાં બીલ્કીસ બાનુનો કેસ ૬ વર્શથી પેન્ડીંગ છે. ૨૦૦૭થી એડીશનલ સેસન્સ જજ યુ.ડી. સાલ્વી ચુકાદો લખાવી રહ્યા છે, જે કદાચ આ મહીનાના અંતમાં પુરો લખાઈ રહેશે. પરીવારના ૧૪ સભ્યોને મારી નાખ્યા બાદ ૧૨ પાડોશીઓએ બીલ્કીસ પર બળાત્કાર કર્યો હતો.

★ ધો. ૧૧માં ભણતી સીરસાની વીદ્યાર્થીની પુનમ એક દલીત છોકરા સાથે લગ્ન કરવા માટે ભાગી, પણ પકડાઈ ગઈ. એના દાદા અને પીતાએ તેની હત્યા કરી નાખવાના હેતુથી નહેરમાં ફેંકી દીધી, પણ લાકડું હાથમાં આવતાં પુનમ બચી ગઈ.

★ પાકીસ્તાન ટીવી પર એક ચેતવણી વારંવાર પ્રસારીત થાય છે, જે બલુચીસ્તાની ગ્રુપ દ્વારા આપવામાં આવે છે, "જે યુવક દાઢી કરાવશે તેને રુપીયા પાંચ હજારનો દંડ થશે."

★ બેંગલોરના તાંત્રીક રવીન્દ્રે સુચવ્યું કે જો મહીલાઓનું બલીદાન આપવામાં આવે તો ઘરના ઓરડામાંથી છુપો ખજાનો મળી આવે. આ લાલચમાં અરુણા અને એલીઝાબેથ નામની બે સ્ત્રીઓનું માથું પથ્થરથી છુંદી નાખનાર એક ટોળકીને પોલીસે પકડી છે.

ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશન

એસોસીએશન તરફથી તા. ૨૪-૨૫ નવેમ્બરે પાલનપુરમાં યોજાયેલ રાષ્ટ્રીય સ્તરના અધીવેશનનો નાણાકીય હીસાબ પ્રગટ કરવામાં આવ્યો છે, જેનો સંક્ષેપ નીચે પ્રમાણે છે.

આવક

૨૭,૪૦૦	પ્રતીનીધી શુલ્ક
૩૮,૦૦૦	સોવીનીયરમાં જાહેરાત
૧,૨૭,૨૧૫	પરીશદ નીમીતે દાન
૧,૯૨,૬૧૫	

જાવક

૩૮,૧૬૪	આતીથ્ય-સભાગાર ખર્ચ	
૧૪,૮૯૫	સ્ટેશનરી-પ્રીન્ટીંગ ખર્ચ	
૧૦,૯૧૭	પરચુરણ ખર્ચ	
૨૫,૦૦૦	સોવીનીયર પ્રીન્ટીંગ ખર્ચ	
	૮૮,૯૭૬	
૧૦૩,૬૩૯	વધારો	
	૮,૦૦૦	ઉઘરાણી બાકી
	૯૫,૬૩૯	બેન્કમાં
		૧,૦૩, ૬૩૯
	૧,૯૨,૬૧૫	

વીશેશ નોંધ : ૧૭૬ પ્રતીનીધીઓની હાજરી અને બેથી વધુ દીવસનો કાર્યક્રમ જોતાં આટલા ઓછા ખર્ચે આટલી સુંદર વ્યવસ્થા માટે સ્થાનીક કાર્યકરો ધન્યવાદને પાત્ર છે. – તંત્રી

૧૭૬ પ્રતીનીધીઓનાં નામ-સરનામાં અને ફોન નંબર સાથેની છાપેલી યાદી તમામ પ્રતીનીધીઓને મોકલવામાં આવી હોવાનું સમજાય છે.

સુધારો : ભરુચના જગુભાઈ બેલાણી ફોન પર જણાવે છે કે ઉપરોક્ત યાદી માંહેના તેમના ક્રમાંક ૧૦૬માં ભરુચના STD કોડ 02646 છપાયા છે. ત્યાં 02642 જોઈએ.

એસોસીએશનના કાર્યક્રમો

આંધ્રપ્રદેશના ચીરાલા મુકામે યોજાયેલ માનવવાદ યુવા તાલીમ શીબીરમાં ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશનના ઉપક્રમે પાલનપુર કોલેજના પ્રો. મીહીરભાઈ દવેએ અઠવાડીયાની તાલીમ મેળવી હતી તથા ગુજરાતનું પ્રતીનીધીત્વ કર્યું હતું. આ પ્રસંગે તેઓએ ગુજરાતમાં બનતી ઘટનાઓ, બનાવો અને માનવવાદને સ્પર્શતી બાબતો વીશે પોતાનું વક્તવ્ય રજુ કર્યું હતું.

ગ્રામ સ્વરાજ્ય સંઘ વલ્લભપુર (રાપર) સંચાલીત વલ્લભપુરની શાળામાં યોજાયેલ જાગૃતી કાર્યક્રમમાં ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશનના પ્રમુખ અશ્વીનભાઈ કારીઆએ વૈજ્ઞાનીક અભીગમ અને માનવવાદ ઉપર વ્યાખ્યાન આપ્યું હતું તથા સંસ્થાના કાર્યકર ફકીરભાઈ વણકરે અંધશ્રધ્ધાની માહીતી આપી ચમત્કારના પ્રયોગો રજુ કરી તેનો પર્દાફાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગ્રામજનો, વાલીઓ તથા વીદ્યાર્થીઓ મળીને આશરે ૫૦૦ જેટલા માણસોએ ભાગ લીધો હતો.

પ્રેશક : **ગીરીશ સુંઢીયા** (કાર્યાલય મંત્રી)

કાર્યવાહક સમીતીની બેઠક

એસોસીએશનની કાર્યવાહક સમીતીની એક બેઠક તા. ૨૪-૨ના રોજ બી.એ. પરીખ સન્માન સમારંભના સ્થળે યોજવામાં આવી છે.

'ટાઈમ્સ'માં રેશનાલીઝમ

મુંબઈના રેશનાલીસ્ટોનો પ્રત્યક્ષ અને ગુજરાતના રેશનાલીસ્ટોનો ટેલીફોન પર ઈન્ટરવ્યુ લઈને 'ટાઈમ્સ ઓફ ઈન્ડીયા'નાં પ્રતીનીધી શર્મીલા ગણેશને રેશનાલીઝમ ઉપર એક ધ્યાનાકર્ષક લેખ લખ્યો છે, જે ૧૪ x ૨૦ સે.મી.ની રંગીન તસ્વીર સાથે તા. ૧૬ની મુંબઈ આવૃતીના ૧૦માં પાને અને તા. ૧૭ની ગુજરાત પુર્તીમાં છપાયો છે. અમેરીકાથી રતીલાલ ચંદેરયાએ ઈન્ટરનેટથી ઈ-મેલ દ્વારા એ લેખ સુરતના ઉત્તમ ગજ્જરને મોકલતાં, ઉત્તમભાઈએ ઘણા મીત્રોને ઈ-મેલ પર મોકલી આપ્યો છે. ગુજરાતી અનુવાદ આવતા અંકે વાંચીશું.

તત્ત્વચર્ચા

બોઝ સામેનો વીરોધ માત્ર વૈચારીક વીરોધ છે

સાહેબ, 'બોઝની બાબતમાં સત્ય બે મતની વચ્ચે દેખાય છે', એ શીર્ષક હેઠળનાં સુર્યકાંત શાહનાં લખાણ ('વીવેકપંથી', નવેમ્બર ૨૦૦૭) અંગે જણાવવાનું કે શીર્ષકને અનુરુપ દલીલો કરવાને બદલે સાવ એક તરફી દલીલો એમણે કરી છે, જે મને તો અન્યાયકર્તા છે જ, પણ બોઝ જેવી મહાન હસ્તીને પણ તે ભારોભાર અન્યાયકર્તા હોવાનું મને લાગે છે.

બોઝ અંગેના લખાણની જે નકલ સુ. ભાઈ પાસેથી મંગાવતાં મને મળી, તે વાંચવાની શરુઆત કરતાની સાથે જ મને ખ્યાલ આવ્યો કે ડો. સુબોધ મહંતીના એ લેખ પરથી 'જવેલ્સ ઓફ ઇન્ડીયન ફીઝીક્સ' પુસ્તકવાળો લેખ તૈયાર કરવામાં આવ્યો છે. (ઝેરોક્ષ વીવેકપંથીના તંત્રીને મોકલી છે.) આ લેખને આધારે સુ. ભાઈએ એમના લેખમાં બોઝ અંગે જે જણાવ્યું છે, એમાં અતીશયોક્તી અને અનર્થકારી અર્થઘટનનો પણ સમાવેશ થયો છે. અમુક જગ્યાએ એમણે પોતાની કલ્પનાને છુટ્ટો દોર આપ્યો હોવાનું જણાય છે, તો અમુક જગ્યાએ સાવ ઉપજાવી કાઢેલી યા મનઘડંત વાતો એમણે લખી કાઢી છે અને પોતાની વાતોનું વજન વધારવા માટે ભારત સરકારનાં પ્રકાશનનો આધાર એમણે દર્શાવી દીધો છે. દાખલા તરીકે, સુ.ભાઈએ એમના લેખમાં લખ્યું છે કે, "બોઝે જ્યારે રોયલ સોસાયટી સમક્ષ પોતાનું પેપર રજુ કર્યું, ત્યારે સોસાયટીના અન્ય વૈજ્ઞાનીકોએ બોઝની ક્ષતી શોધી કાઢી અને બોઝ કશું પુરવાર કરી શક્યા નથી તે બોઝને જ જણાવ્યું."

હવે આવી કોઈ વાત 'સરકારી' લેખમાં નથી. 'સરકારી' લેખમાં તો માત્ર એટલું જ જણાવ્યું છે કે, ૬ઠ્ઠી જુન ૧૯૦૧ના રોજ બોઝે જ્યારે પોતાનું પેપર રોયલ સોસાયટીમાં વાચ્યું, ત્યારે સૌ પ્રથમ વખત ચેતન-અચેતન વચ્ચેની એકતા અંગેના એના વીચારોનો બે વીજ્ઞાનીઓ દ્વારા વીરોધ કરવામાં આવ્યો અને એ કારણે રોયલ સોસાયટીએ આ પેપરને પ્રગટ કર્યું નહી. મતલબ કે, તે વખતે બોઝની ક્ષતી શોધી કાઢવામાં આવી હતી અને એ કારણસર બોઝ કશું પુરવાર કરી શક્યા નહીં, એવો જે અર્થ સુ.ભાઈએ કાઢયો છે, તે સાચો નથી. બોઝ સામેનો આ વીરોધ તો એક વૈચારીક વીરોધ માત્ર છે અને એવું તો દરેક ક્ષેત્રમાં થતું જ હોય છે. આ કાંઈ બોઝની ક્ષતીને કારણે ઉભો થયેલો વીરોધ, અથવા બોઝની જેવો જ પ્રયોગ કર્યા પછી પરીણામ જુદું આવ્યું હોવાથી કરવામાં આવેલો વીરોધ નથી.

વીજ્ઞાનનાં ક્ષેત્રમાં એક-બીજાનાં વીચારોનો અને થીયરીઓનો વીરોધ કરવાની પરંપરા ઘણી જુની છે. આઈન્સ્ટાઈને જ્યારે સાપેક્ષવાદની થીયરી રજુ કરી ત્યારે ઘણા વીજ્ઞાનીઓએ તેનો વીરોધ કર્યો હતો. આઈન્સ્ટાઈનના જન્મ-સ્થાન જર્મનીના બે ભૌતીક વીજ્ઞાનીઓ તો આદુ ખાઈને આઈન્સ્ટાઈનની પાછળ પડી ગયા હતા. અરે ! જ્યારે ક્ષ-કીરણની શોધની જાહેરાત કરવામાં આવી ત્યારે કેટલાક વીજ્ઞાનીઓએ તેને 'કાળજીપુર્વકની છેતરપીંડી' (elaborate hoax) ગણાવી હતી. ટુંકમાં, વીજ્ઞાન-ક્ષેત્રમાં 'વીરોધ'ની કોઈ નવી નવાઈ નથી. સુ.ભાઈ કહે છે કે, બીજા વીજ્ઞાનીઓએ બોઝની ક્ષતી શોધી કાઢી હતી. પરંતુ, બોઝે જે દીવસે અને જે સ્થળે પેપર વાંચ્યું, તે જ દીવસે અને તે જ સ્થળે એમના વીચારોનો વીરોધ કરવામાં આવ્યો હોવાનું ઉક્ત 'સરકારી' લેખ સુચવે છે. હવે આમાં વીરોધ કરનારાઓ પાસે બોઝની ક્ષતી શોધી કાઢવાનો અને તે પુરવાર કરવાનો સમય જ ક્યાં હતો?

થોડીક સદીઓ પહેલાં ખીસ્તી ધર્મમાં એવી માન્યતા પ્રચલીત હતી કે મનુશ્યો સીવાયનાં બીજા કોઈપણ પ્રાણીને આત્મા નથી. તેનાથીય આગળના સમયમાં તો વળી એવી માન્યતા એ ધર્મમાં હતી કે, મનુશ્યોમાં પણ એકલા પુરુશોને જ આત્મા છે, અને સ્ત્રીઓમાં એ તત્ત્વ નથી. જો કે, ખ્રીસ્તી ધર્મનું આ તુત લાંબુ ચાલ્યું નહીં. વીરોધ ઘણો વધી પડયો એટલે તેણે છેવટે સ્વીકાર્યું કે સ્ત્રીઓને પણ આત્મા છે. પણ મનુશ્યો સીવાયના પ્રાણીઓમાં આત્મા નથી, એ માન્યતા તો અમુક અંશે આજે પણ ખ્રીસ્તી ધર્મમાં છે. અને અગાઉનાં સમયમાં તો એ માન્યતા લોટામાં લકીર જેટલી મજબુત હતી. આવી માન્યતાના વાતાવરણમાં ઉછરેલા લોકોમાંથી કેટલાકને વનસ્પતીમાં ચૈતન્ય હોવાના કે ચેતન-અચેતન વચ્ચેની એકતાના બોઝના વીચારો અસહ્ય લાગે એ તદ્દન બનવા જોગ છે. બોઝનો વીરોધ કરનારા વીજ્ઞાનીઓએ આ કારણસર વીરોધ કર્યો હોવાનું સમજાય છે. બોઝનો વીરોધ કરતાં પહેલાં એમના પ્રયોગની વૈજ્ઞાનીક ચકાસણી કરવા જેટલી ધીરજ પણ આ વીજ્ઞાનીઓ રાખી શક્યા નહીં. સુ.ભાઈએ તો જો કે બોઝ અંગે એમ લખ્યું છે કે "…. એક મહાન વૈજ્ઞાનીકને નહીં શોભે તેવી આ માન્યતા પર આવવાની બોઝની એ ઉતાવળ હતી. એક વૈજ્ઞાનીકનું આ અવૈજ્ઞાનીક વલણ હતું." પરંતુ બોઝે તો સંશોધન માટેનાં અવનવા અને આશ્ચર્યકારક સાધનો પણ બનાવ્યાં હતાં અને વર્શો સુધી સંશોધનનાં કામમાં ગળાડુબ રહ્યા પછી રોયલ સોસાયટી સમક્ષ પોતાનાં તારણોને રજુ કર્યાં હતાં. જ્યારે વીરોધ કરનારા ઉક્ત વીજ્ઞાનીઓએ તો બોઝની રજુઆત પછી તરત જ બોઝનો વીરોધ કરવા માંડયો હતો, બોઝના પ્રયોગ

ઉપર કે બોઝનાં સાધનો ઉપર કશુ સંશોધન કર્યા વીના જ. હવે આમાં "વૈજ્ઞાનીકને શોભે નહીં" એવી ઉતાવળ કોની ગણાય? બોઝની કે તેમનો વીરોધ કરનારાઓની? સુ.ભાઈને બોઝની ઉતાવળ દેખાય છે, પણ વીરોધ કરનારા વીજ્ઞાનીઓની કોઈ ઉતાવળ દેખાતી નથી ! લાગે છે કે અમુક-તમુક વીચારસરણીનાં ડાબલાં પહેર્યા પછી માણસને જળ હોય ત્યાં સ્થળ, અને સ્થળ હોય ત્યાં જળ દેખાવા માંડતું હશે !

આગળ જતાં સુ.ભાઈએ જણાવ્યું છે કે, "મોટાભાગના સામયીકોએ બોઝના જીવન દરમીયાન જ એમના દાવાનો અસ્વીકાર કરતી નોંધો પ્રસીધ્ધ કરી હતી." અહીંયા હું જણાવું છું કે આ તો સુ.ભાઈએ ઉપજાવી કાઢેલો ગપગોળો માત્ર છે, કારણ કે ઉક્ત 'સરકારી' લેખમાં આવી કોઈ વાત ઠામુકી નથી જ. 'વીજ્ઞાન પ્રસાર' જેવી સરકાર દ્વારા સ્થાપીત સંસ્થાનાં લખાણનો હવાલો આપીને આવા ગપગોળા ગબડાવનારમાં હીંમત ઘણી હોવી જોઈએ, એમ હું માનું છું.

"એ સાચું છે કે વનસ્પતીમાં જીવ હોવાની બાબત બોઝે પુરવાર કરી નથી. વનસ્પતીમાં જીવ હોવાનું તે પહેલાં પુરવાર થઈ ગયું હતું...." એમ સુ. ભાઈએ એમના લેખમાં જણાવ્યું છે, અને એવી જ વાત અગાઉ ધવલ મહેતાએ પણ 'વીવેકપંથી'નાં માર્ચ ૨૦૦૭ના અંકમાં લખી હતી. પરંતુ વનસ્પતીમાં જીવ હોવાનું બોઝની પહેલાં કોણે અને ક્યારે પુરવાર કર્યું ? એ મહત્ત્વની બાબતમાં આ બંને મહાનુભાવોએ કશું જ જણાવ્યું નથી. તેઓ બંનેને વીનંતી છે કે આ બાબતમાં પુરી સ્પશ્ટતા સાથે પછીના 'વીવેકપંથી'ના અંકોમાં લખે. જો તમે લખશો નહીં તો તમારી આ વાત પણ સાચી નથી, એમ માનવાની મને અને બીજા વાચકોને ફરજ પડશે.

જાણીતા માર્કસવાદી પત્રકાર એન. રામનાં તંત્રીપદે પ્રગટ થતા 'ફ્રન્ટલાઈન' મેગેઝીનનાં ૨૦મી નવેમ્બર ૨૦૦૪ના અંકમાં પ્રગટ થયેલા બોઝ વીશેના એક લેખમાં જણાવેલું છે કે, ઈ.સ. ૧૯૦૦માં પેરીસમાં યોજાયેલી 'ઈન્ટર્નેશનલ કોંગ્રેસ ઓફ ફીઝીક્સ'ની બેઠકમાં બોઝે, 'ચેતન-અચેતનમાં પ્રતીભાવોની સમાનતા બાબત' એ નામનું ખુબ અગત્યનું પેપર રજુ કર્યું હતું. એ લેખમાં આગળ જતાં જણાવ્યું છે કે, રેડીયો મોજાં અંગેનાં બોઝનાં સંશોધને નહીં, પણ આ પેપરે બોઝને વીજ્ઞાન-જગતમાં તાત્કાલીક સુપ્રસીધ્ધ વ્યક્તી બનાવી દીધા. વધારામાં, એ લેખમાં જણાવ્યું છે કે, 'એ વખતના આગળ પડતા એક ફ્રેન્ચ અખબારે બોઝની આ શોધ અંગે વ્યંગમાં લખ્યું હતું કે, આ શોધ પછી આપણને શંકા પડવા લાગી છે કે આપણે કોઈ સ્ત્રી ઉપર ફુલથી પ્રહાર કરીએ ત્યારે વધારે કોને વાગે છે, સ્ત્રીને કે ફુલને?'

અહીંયા એક સવાલ ઉભો થાય છે કે વનસ્પતીમાં જીવ હોવાની વાત જો બોઝની પહેલાં પુરવાર થયેલી હતી, તો આ આગળ પડતા ફ્રેન્ચ અખબારને એ વાતની ખબર કેમ નહોતી ? બોઝની શોધને ધ્યાનમાં રાખીને એ અખબારે આશ્ચર્યયુક્ત વ્યંગમાં જે લખ્યું તે બતાવે છે કે વનસ્પતીમાં જીવ હોવાની વાત તેની જાણમાં નથી!

હકીકત એ છે કે, 'જીવન'ની ચોક્કસ અને સ્વીકૃત ગણાય એવી કોઈ વ્યાખ્યા જ હજી સુધીમાં નક્કી થઈ શકી નથી. પણ આ વીશયમાં મારી સાથે ચર્ચામાં ઉતરેલા બંને મહાનુભાવોને એ ખબર હોય એમ લાગતું નથી. તેઓ બંનેએ લગભગ સમાન ગણાય એવી 'જીવન'ની વ્યાખ્યા આપી છે : 'દરેક જીવંત પદાર્થ જન્મ લે છે, વીકાસ કરે છે, મૃત્યુ પામે છે, ખોરાક લે છે અને વંશવૃધ્ધી કરે છે.' (જુઓ, 'વીવેકપંથી', માર્ચ ૨૦૦૭, પેજ નં૧૦)

વીકીપીડીયા નામના ઓન-લાઈન એનસાઈકલોપીડીયામાં જીવનની વ્યાખ્યા અંગે જણાવ્યું છે કે, 'જીવનની સર્વ-સામાન્ય વ્યાખ્યાનું કોઈ અસ્તીત્વ નથી, જુદા જુદા વીજ્ઞાનીઓએ જુદી જુદી વ્યાખ્યા સુચવી છે. જીવનની ચોક્કસ કે અસંદીગ્ધ વ્યાખ્યા કરવી તે વીજ્ઞાનીઓ માટે હજી એક પડકાર છે.'

આ બાબતમાં, એન્સાઈક્લોપીડીયા બ્રીટાનીકામાં લખ્યું છે કે, 'જીવનની સામાન્ય રીતે સ્વીકાર્ય હોય એવી કોઈ વ્યાખ્યા નથી'. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે ખોરાક લેવો, તેને પચાવવાની ક્રીયા કરવી, મળ વીસર્જનની ક્રીયા કરવી, શ્વાસ લેવો, વધવું, હલનચલન કરવું, વંશવૃધ્ધી કરવી અને બહારની ઉત્તેજનાઓનો પ્રતીભાવ આપવો એ જીવનના લક્ષણો છે. પણ બ્રીટાનીકા કહે છે આમાંના મોટા ભાગનાં લક્ષણો ઓટોમોબાઈલમાં (મોટારકાર વગેરેમાં) છે, પણ કોઈ તેને જીવંત માનવા તૈયાર નથી. ઓટોમોબાઈલમાં જો કે વંશવૃધ્ધી કરવાની ક્ષમતા નથી. પણ બ્રીટાનીકા કહે છે કે, એવી ક્ષમતા તો ખચ્ચર અને લાયગર જેવા હાઈબ્રીડ પ્રાણીઓમાં અને નપુંસક લીંગના મનુશ્યોમાં પણ નથી. તો શું તેઓ જીવંત નથી એમ માનવું ? વનસ્પતીના બીયાંઓને સેંકડો કે હજારો વર્શ પછી પણ જીવંત કરી શકાય છે. અને તે દરમીયાન તે સાવ નીર્જીવ જેવા હોય છે. ખોરાક કે શ્વાસ લેતા નથી, હલનચલન કે વંશવૃધ્ધી કરતા નથી. તેને નીર્જીવ ગણવા કે સજીવ? અમુક બેક્ટેરીયા પણ શ્વાસ લેતા નથી અને જીવનના બીજા લક્ષણો પણ તેનામાં વરસો સુધી જણાતા નથી, છતાં અનુકુળ પરીસ્થીતી પ્રાપ્ત થતાં તે જીવનના લક્ષણો પ્રગટ કરે છે અને વંશવૃધ્ધી કરવા લાગે છે. વીજ્ઞાનીઓએ અઢી કરોડ વર્શ જુના બેક્ટેરીયાઓને સજીવન કર્યા છે.

વાયરસમાં તો જીવનનું એકપણ લક્ષણ દેખાતું નથી, પણ અનુકુળ પરીસ્થીતીમાં તે પણ વંશવૃધ્ધી કરે છે. વીજ્ઞાનીઓ તેને સજીવ પણ કહી શકતા નથી.

અને નીર્જીવ પણ કહી શકતા નથી, એટલે તેનું નામ 'રીપ્લીકેટર' (નકલ કરનાર) પાડયું છે. ટુંકમાં, જીવન કોને કહેવું અને ક્યાંથી શરુ થયેલું ગણવું, તે નક્કી થઈ શકતું નથી. પણ જેને જીવનની ઓળખાણ કે વ્યાખ્યા અંગેની મુશ્કેલીઓનો કશો ખ્યાલ નથી, એ જ એમ કહે છે કે અમુક-તમુકમાં નર્વસ સીસ્ટમ નથી, માટે એમાં જીવન નથી ! જીવન અંગેની આ જટીલતાઓને સર જગદીશચંદ્ર બોઝ જાણતા હતા, માટે જ એમણે કહ્યું હતું કે સજીવ અને નીર્જીવ વચ્ચે ભેદ - રેખા દોરવાનું મુશ્કેલ છે. એમની આ વાત સો ટકા સાચી જ છે, પણ માર્કસવાદ જેવી વીકૃત યા વીચીત્ર વીચારસરણીનો ભોગ બનેલા લોકો માટે એ સત્ય પચાવવું મુશ્કેલ હોવાથી, 'બોઝ કશું સાબીત કરી શક્યા નથી' અને 'બોઝની શોધ પાછળથી ખોટી સાબીત થતાં મુખ્ય ધારાના જીવવીજ્ઞાનીઓએ બોઝનાં સીધ્ધાંતને ફગાવી દીધો હતો' વગેરે જુઠાણાઓ ફેલાવીને તેઓ હીસાબ સરભર કરી રહ્યા છે !!

જીવનની જ્યાં વ્યાખ્યા જ નક્કી નથી થઈ, ત્યાં વળી પથ્થરમાં કે કોઈ પણ બીજી વસ્તુમાં જીવન નથી એમ છાતી ઠોકીને વળી કઈ રીતે કહી શકાય ? અને બીજું, સજીવ-નીર્જીવ વચ્ચે ભેદરેખા દોરી શકાતી નથી એ હકીકત શું સુચવે છે ? એ જ કે આ બધું એક હોવું જોઈએ, અથવા એકમાંથી જ આ બધું સર્જાયું હોવું જોઈએ. તો જ સ્પશ્ટ ભેદરેખા દોરવાનું મુશ્કેલ બને.

આપણે ત્યાં અદ્વૈતવાદ પ્રચલીત છે, તેનો અર્થ એવો થાય છે કે 'આ બધું એક જ છે'. મોટા (૧૮૯૮-૧૯૭૬) નામના એક મહાન અનુભવી સંત દક્ષીણ ગુજરાતમાં થઈ ગયા, તેઓ કહેતા કે, 'બધું એકમાંથી જ થાય છે.' નરસીંહ મહેતાએ ગાયું છે કે 'અખીલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરી, જુજવે રુપે અનંત ભાસે.' એ જ વાત બીજા શબ્દોમાં પણ નરસીંહ મહેતાએ કહી છે : 'ઘાટ ઘડયા પછી નામ રુપ જુજવાં, અંતે તો હેમનું હેમ હોયે.'

"There is a celestial mind-force, a great sympathetic force which is life itself, of which everything is composed."

-John Worrell Keely (1827-1898

('એક દીવ્ય આત્મ-શક્તી, એક અતીશય સહાનુભુતીપુર્ણ પરીબળ છે, જે પોતે જ ચૈતન્ય છે. એમાંથી દરેક વસ્તુની રચના થઈ છે')

કરશનદાસ ચોવટીયા
૩૬, રુપસાગર સોસાયટી, એ.કે. રોડ, સુરત-૮

જીજ્ઞાસુઓ માટે : **ડો. સુબોધ મહંતીનો સંપર્ક**
ફોન: (૦૧૨૦) ૨૪૦૪૪૩૯ ફેક્સ નં: (૦૧૨૦) ૨૪૦૪૪૩૭
ઈ-મેઈલ એડ્રેસ: subhodh@vigyanprasar.gov.i

[સ્થળ મર્યાદાને અનુલક્ષીને બીનજરૂરી લાગી તેવી કેટલીક પંકતીઓ કાપવી પડી છે જો કે તેમ કરતાં અર્થભેદ થાય નહી તેની કાળજી પણ લીધી છે, તેમ છતાં કંઈ ભુલ લાગે તો ક્ષમા.- તંત્રી]

ધુપછાંવ

તમે ૮૦૦ વર્શના થશો, જાવ

ફ્રુગમાં આનુવંશીક ફેરફારો કરીને તેની ઉમર વૈજ્ઞાનીકોએ ૧૦ ગણી વધારી હતી.

સંશોધનકર્તા વોલ્ટર લોંગોએ જણાવ્યું હતું કે ફ્રુગની મહત્તમ ઉમર એક અઠવાડીયાની હોય છે, પરંતુ વૈજ્ઞાનીકોએ તૈયાર કરેલા નવા જીવની ઉમર ૧૦ અઠવાડીયાની થઈ ગઈ છે. આ પ્રક્રીયા કઈ રીતે કામ કરે છે તેની ચોક્કસ ખબર પડયા બાદ અમે દરેક જીવના દરેક કોશોમાં તેનો ઉપયોગ કરીશું.

જો કે હાલમાં મનુશ્યની ઉમર ૮૦૦ વર્શ કરવાના લક્ષ્યથી અમે ઘણા દુર છીએ, પરંતુ અમને વીશ્વાસ છે કે અમે અમારું લક્ષ્ય જરુર પાર પાડીશું (અર્થાત્ મનુશ્યની ઉમર અમે ૮૦૦ વર્શની કરીશું) એમ આગળ ચાલતાં વોલ્ટર લોંગો કહે છે. [તા. ૨૫-૧-૦૮ના સમાચાર]

હવે કરો કલ્પના : આજનો ૮૦ વર્શનો જે માણસ પોતાની ચોથી પેઢી જોતો આવ્યો છે, તે ૮૦૦નો થતાં પોતાની ૪૦મી પેઢી જોશે અને એ આશરે ૪૦૦ સભ્યોના પરીવારનો મોભી હશે.

પૃથ્વી પરની આજની ૬ અબજની વસ્તી ૬૦ અબજની થઈ ગઈ હશે અને તોય સંકડાશ નહી થાય. કારણ કે ત્યાં સુધીમાં વીજ્ઞાને આસપાસના ગ્રહો પર અને પાતાળમાં પણ માણસને વસતો કરી દીધો હશે.

માનવામાં ના આવતું હોય તો વાંચો ૩-૨-૦૮ને રવીવારના "દીવ્ય ભાસ્કર"માં અજય ઉમટના "પોઈન્ટ ઓફ ઓર્ડર" માંહેની આ વાત :

ચંદ્ર પર માનવ કોલોનીઓ બનાવવા માટે આર્કીટેક્ટ્સ આયોજન કરી રહ્યા છે. **"અંકુર"**

નાગરીક સ્વાતંત્ર્ય સંગઠન (PUCL) ની અપીલ

સ્વરાજ પુર્વે આપણા દેશમાં નાગરીક સ્વાધીનતાની ચળવળ કંઈક હતી, પરંતુ આઝાદી સાથે આપણે સહુ જાણે કે ગાફેલ થઈ ગયા કે સ્વરાજમાં એવી શી ફીકર. પણ કટોકટીરાજે નાગરીક સ્વાધીનતાની તાતી જરુરત સમજાવી અને દેશભરમાં સદગત્ જયપ્રકાશ નારાયણની વીશેશ પ્રેરણાથી તે માટેનો સંચાર શરુ થયો, તે આપ જાણો જ છો.

તાજેતરના વરસોમાં એક વાત તીવ્રપણે જોવા મળી છે. અને તે એ કે સામાન્ય પ્રજાને ન્યાય ને સુખાકારી મળે એટલા માટે મથતા કર્મશીલોને હાલનું એસ્ટાબ્લીશમેન્ટ કચડવા માંગે છે. તેથી નાગરીક સ્વાધીનતા માટેની ચળવળ, અન્યાય પ્રતીકારની મોકળાશ મળી રહે એ માટે પણ સવીશેશ જરુરી છે.

જયપ્રકાશ નારાયણ, વી. મ. તારકુંડે અને ચન્દ્રકાન્ત દરુ આદીના પુણ્યસ્મરણપુર્વક સર્વશ્રી કન્નાભીરન, ડો. છીબ્બર, ન્યાયમુર્તી (નીવૃત્ત) રાજેન્દ્ર સાચર વગેરેના પ્રયાસથી ભારતભરમાં ચાલતી આ હીલચાલ ગુજરાતમાં પણ પગભર ને પ્રભાવક બને એ માટે અમારી જે નાનીશી મથામણ છે તેને આપના સાથ અને સહકારથી બળ મળે એ આશાએ લખી રહ્યા છીએ. અત્યારે અમે સ્વૈચ્છીક ફાળાથી પ્રવૃત્તીઓ ચલાવીએ છીએ.

તાત્કાલીક તો અમારી વીનંતી આપની સેવામાં એ છે કે આજીવન સભ્યના ૧૦૦૦/– (એક હજાર) અથવા વાર્શીક રુપીયા પચાસ ભરીને આ સંસ્થાના સભ્ય થઈ શકો તો નીયમીત કામકાજ ગોઠવવા માટે અનુકુળતા રહે. આમ, આજીવન સભ્ય બની અથવા અન્ય કોઈ રીતે સહાય કરશો તો અમારું કામ સરળ બનશે.

આપના ઉમળકાભર્યા પ્રતીસાદની તેમજ સુચનોની અપેક્ષા સાથે.

આપના,

પ્રા. ઈલાબહેન પાઠક, દીનેશ શુકલ, પ્રા. જે. એસ. બંદુકવાલા, પ્રકાશ ન. શાહ, ગૌતમ ઠાકર, અશ્વીન કારીઆ, રમેશ પીંપલે, રોહીત પ્રજાપતી, જે. સ્ટેની, ડો. ચાસીન દલાલ, પ્રા. ધીરુભાઈ ધંધુકીયા, જીયા પઠાણ.

સંપર્ક : ગૌતમ ઠાકર, ૪ સંમીત્ર સોસાયટી, મલાવ તળાવ સામે, જીવરાજ પાર્ક, અમદાવાદ–૫૧. મો:૯૮૨૫૩૮૨૫૫૬

ઉદ્દેશો અને લક્ષ્યો :

સંગઠનના ઉદ્દેશો અને લક્ષ્યો નીચે પ્રમાણે રહેશે.

(ક) શાંતીમય સાધનો દ્વારા નાગરીક સ્વાતંત્ર્ય તથા લોકતાંત્રીક જીવન પધ્ધતીનું સંરક્ષણ અને વીકાસ કરવો. (ખ) વ્યક્તીના ગૌરવની સાચવણીના સીદ્ધાંતનો સ્વીકાર કરવો. (ગ) દેશના દંડ વીધાન અને અપરાધ–સજા પધ્ધતીને માનવીયતા તથા ઉદાર મતવાદીતાના સીદ્ધાંતોને અનુરુપ બનાવવાના હેતુસર સતત ચકાસતા રહેવું. (ઘ) અટકાયતી કાયદા સમેતના તમામ દમનકારી કાયદાઓ પાછા ખેંચાય અને કાઢી નાંખવામાં આવે તે માટે કાર્યરત રહેવું. (ચ) વીચાર–સ્વાતંત્ર્યને ઉત્તેજન આપવું અને મત–ભીન્નતાની જાહેર અભીવ્યક્તીના અધીકારનું સંરક્ષણ કરવું. (છ) અખબારી સ્વાતંત્ર્યતા તથા રેડીયો અને ટેલીવીઝન જેવા પ્રચાર માધ્યમોની સ્વાધીનતા જળવાઈ રહે તે જોવું. (જ) કાયદાનું શાસન તથા ન્યાયાધીશોની સ્વાધીનતા પ્રસ્થાપીત કરવી. (ઝ) ગરીબોને કાનુની સહાય મેળવી આપવી. (ટ) નાગરીક સ્વાતંત્ર્યના સંરક્ષણ માટે કાનુની સહાય મેળવી આપવી. (ઠ) ન્યાયતંત્રમાં સુધારા માટે કામ કરવું જેથી ન્યાય મેળવવામાં થતી અસાધારણ ઢીલ, ભારે ખર્ચ અને વીશમતાઓ દુર કરી શકાય (ડ) જેલ સુધારણા (ઢ) પોલીસના અત્યાચાર અને મારઝુડ દમનની પધ્ધતીનો વીરોધ કરવો. (ણ) વર્ણ, ધર્મ, જાતી, લીંગ અને જન્મસ્થાનના આધાર પર કરાતા ભેદભાવોનો વીરોધ કરવો. (ત) અસ્પૃશ્યતા, જાતીવાદ, કોમવાદ, જેવાં દુશણો જે નાગરીક સ્વાતંત્ર્ય પરની તરાપ જેવાં છે, તેમની સામે લડત આપવી. (થ) સ્ત્રીઓ– બાળકો તથા ખાસ કરીને સમાજના નબળા વર્ગોના નાગરીક સ્વાતંત્ર્યનું સંરક્ષણ કરવું.

ઉપરોક્ત ઉદ્દેશો અને લક્ષ્યોને આનુશંગીક તથા સહાયક બને તેવાં તમામ કામો હાથ ધરવાં.

એ પણ શ્રધ્ધા !!! ?

તા. ૧૩મી ફેબ્રઆરીના અખબારી સમાચાર નીચે પ્રમાણે હતા.

"દર મંગળવારે દીવસભર ઉભરાતું રહેતું સીધ્ધીવીનાયક મંદીર સાવ સુમસામ લાગતું હતું. તેમાંય બપોર પછી આવનારા દર્શાનાર્થીઓ તો લગભગ ફરક્યા જ નહોતા.

અર્થાત્ આગલી રાતથી જ લાઈન લગાડનાર સીધ્ધીવીનાયકના "ભકતો"એ રાજ ઠાકરેની ધરપકડથી ઉત્પન્ન થતી પરીસ્થીતીમાં ગણેશજી તેમનું રક્ષણ કરવાના નથી જ તેવી "શ્રધ્ધા" રાખી.

મંતવ્ય

મુક્ત સેક્સ નહી, લૈંગીક ઉદારતા

અતી વૃધ્ધત્વ તથા અમુક કટુ અનુભવોને પરીણામે હવે વીવાદાસ્પદ મુદ્દા – વીધાનોના તાત્ત્વીક અને સચોટ જવાબ–રદીયા આપવાનું મેં બંધ કર્યું છે. છતાં આજે ફક્ત એક જ મુદ્દાની–વાસ્તવમાં એક જ શબ્દની સ્પશ્ટતા કરવાની, મતલબ રેશનાલીઝમને લાગતા ડાઘ કે અપશયથી એને બચાવી લેવાની ઈચ્છા રોકી શકતો નથી. કદાચ એને મારી ફરજ સમજું છું, ખુબ ટુંકમાં જ લખીશ.

'વીવેકપંથી' અંક ૭૦માં એન.વી.ચાવડા લખે છે કે, 'રેશનાલીઝમ સામેનો અવરોધ–મુક્ત સેકસની હીમાયત'

નમ્રતાપુર્વક જણાવું કે ચાવડાએ 'મુક્ત સેક્સ' શબ્દ ખોટો, અનુચીત પ્રયોજ્યો છે. 'મુક્ત સેક્સ'નો તો અર્થ અને સંદર્ભ જુદો જ છે : ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તે પુરુશ – ગમે તે સ્ત્રી પરસ્પર મૈથુનમાં (ની:સંકોચ કે નીર્લજ્જ રીતે) પ્રવૃત થાય, 'એમાં કાંઈ વાંધો, દોશ કે વીરોધ, પ્રતીબંધ ન હોઈ શકે' – –એમ માને અને પ્રચારે તે મુક્ત સેક્સ.

દાખલા તરીકે હીપ્પીઓ, બીટનીકો, બીટલ્સ, અમુક પ્રકારની ખાસ 'કલબો' (જે પશ્ચીમી સમાજમાં ચાલે છે) અમુક પંથો (કલ્ટ) આદી આવા સેક્સ સંબંધના હીમાયતી છે અને એ સંબંધોને જ મુક્ત સેક્સ કહેવાય એમ હું માનું છું.

હું રેશનાલીસ્ટ સાહીત્યનો સારો અભ્યાસી છું. અંગ્રેજી, હીન્દી અને ગુજરાતી મળીને લગભગ બધા જ ઉત્તમ રેશનાલીસ્ટો તથા એનું ઉંચી કક્ષાનું સાહીત્ય મેં વાંચ્યું છે. આજેય મારી નજર સમક્ષ ત્રણ છેલ્લામાં છેલ્લા અંગ્રેજી પ્રકાશનો (દળદાર ગ્રંથો) ટેબલ પર પડયા છે. ક્યાંય કોઈએ એકાદ વાકયમાંય ઉપર દર્શાવેલા એવા સાચા અર્થમાં 'મુક્ત–સેક્સ'ની હીમાયત કરી નથી યા મારા વાંચવમાં આવી નથી.

મીત્ર, રેશનાલીઝમ એટલે તો વીવેકબુધ્ધીવાદ; એમાં ઉપર જણાવી તેવી અને ચાવડા અતીશયોક્તી કરે છે તેવી મા–બહેન વગેરે સુધીની સેક્સનું સ્થાન તો સંભવે જ કેવી રીતે ? યોગ્ય અયોગ્યનો નીર્ણય (વીવેક) એ તો રેશનાલીઝમનું તત્ત્વ અને સત્ત્વ.

સામાન્ય વ્યક્તીમાં પણ સુરુચી, ઔચીત્યના માનવીય ખ્યાલો મહદંશે હોય છે, તો રેશનાલીસ્ટમાં તો તે પુરા પ્રમાણમાં અને અણીશુધ્ધ જ હોય.

હવે ટુંકમાં જ કહું તો ચાવડાએ "લૈંગીક વ્યવહારમાં (સેક્સ બાબતે) ઉદારતા"ના રેશનાલીસ્ટ અભીગમ માટે 'મુક્ત સેક્સ' જેવો ભારેખમ તથા અનુચીતતાના સંદર્ભવાળો શબ્દ પ્રયોજ્યો છે. જુઓ, ગુજરાત–મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશન પ્રસ્તુત 'દશા અને દીશા'ના દસ્તાવેજની કલમ ૧૪. **'લૈંગીક વ્યવહારમાં ઉદાર હોય.'**

આ હીમાયતનો સ્પશ્ટ અને કદાચ એકમાત્ર અર્થ જ એ થઈ શકે કે, કોઈ પરસ્ત્રી – પરપુરુશ વચ્ચે લગ્નબાહ્ય સંબંધ હોય તો, રુઢીચુસ્તો કે ધાર્મીકો જેવો અભીગમ દાખવે છે, તેવું રેશનાલીસ્ટ ન કરે. મતલબ કે એવા સ્ત્રીપુરુશને ધીક્કારે કે ફીટકારે–ફટકારે નહીં, મહા પાપી ન લેખાવે. એને બદલે ઉદારતા, સહાનુભુતી તથા મનોવૈજ્ઞાનીક અને વૈજ્ઞાનીક આધાર પર એ સમજવા – સ્વીકારવાનો અભીગમ દાખવે. કારણ કે જ્યાં સુધી આવા પરસ્પર સંમતીવાળા સેક્સ સંબંધથી સમાજમાં ભયાનક–વીનાશક સુનામી જેવી ઉથલપાથલો, અવ્યવસ્થા, પીડા, આપત્તી કે છીન્નભીન્નતા ન સર્જાતી હોય, ત્યાં સુધી એની સામે પ્રતીબંધોની / તલવારો લઈને યાહોમ કરી ટુટી પડવાની એવી તે કઈ અનીવાર્યતા ?

અંતે આ બાબતે બર્ટ્રાન્ડ રસેલે બહુ સરસ બોધ આપ્યો છે તે ટાંકું : તે કહે છે કે લગ્નબાહ્ય સંબંધોથી સમાજમાં જે ઉગ્ર, ભયાવહ સમસ્યાઓ સર્જાય છે, એનું મુખ્ય કારણ એવા સંબંધ નથી. પરંતુ માનવીમાં રહેલી એક ત્યાજ્ય કુદરતી વૃત્તી જ છે; અને એ છે 'ઈર્શ્યા'.

જો માણસ પોતાની આવી હીન વૃત્તી ત્યજી દે તો **૯૯ ટકા** ઝઘડા કે આપત્તીઓ નાબુદ થઈ જાય.

–રમણ પાઠક 'વાચસ્પતી'
એ–૪, નટરાજ એપાર્ટમેન્ટ, સરદાર બાગ,
બારડોલી – ૩૯૪ ૬૦૧

મૃત્યુનો ભય સાધુ–સંતોએ ઉભો કર્યો છે

ડીસેમ્બરના 'વીવેકપંથી'ના તંત્રીલેખમાં મૃત્યુના ભય વીશે વાચ્યું – વાત ખરી છે.

જન્મ આપણા હાથની વાત નથી, તેમ મૃત્યુ પણ અનીશ્ચીત છતાં નક્કી જ છે, પણ એ માણસને ગમતું નથી. સૌને સૃશ્ટીનો આનંદ લેવો છે.

સંતો ભલે સંસારને મીથ્યા માને અને કહે, પણ એ મીથ્યા નથી. એને માણવાની તમન્ના જ ઉત્તમ છે – સાધુ–સંતો પણ એથી પર નથી.

ખરેખર તો સાધુ-સંતોએ જ મૃત્યુને બીહામણું બનાવ્યું છે.

મૃત્યુનો અનુભવ જીવનનો છેલ્લો અનુભવ છે, પણ તે અનુભવનું યથાર્થ વર્ણન ક્યાંય મળતું નથી. કારણ કે એ કહેવા કોઈ પાછું આવતું નથી.

મૃત્યુનો સાધુ-સંતો પ્રેરીત ભય ડોકટરોની કમાણીનું પ્રમુખ માધ્યમ છે.

– ડો. સુધાકર હાથી

લક્ષ્મી માર્કેટ, સેન્ટ્રલ બેન્ક સામે, જામનગર

અજ્ઞેયવાદનો અર્થ જ અંધારીયો પ્રદેશ છે

૭૦મા અંકમાં મીત્ર લક્ષ્મીદાસ ખટાઉએ તેમના ટુંકા લેખમાં કંઈ ભુલચુક હોય તો દર્શાવવાની રમણ પાઠક, ધવલ મહેતા અને બીપીન શ્રોફને વીનંતી કરી છે. હું પણ થોડી મારી કટ્ટર રીતે પ્રકાશ પાડીશ. લલીત નગરશેઠ પણ મારા જેવા જ થોડા કટ્ટર રેશનાલીસ્ટ છે. અમે બંને આધ્યાત્મવાદ, ધર્મવાદ, ગુરુવાદ, પુજાવાદ, ચમત્કારવાદ-ગુઢવાદ કે અજ્ઞેયવાદમાં નથી, નથી ને નથી જ માનતા. *(લલીતનગરશેઠ આ વીશયમાં અભ્યાસ કર્યા પછી પોતાનો પ્રતીભાવ આપશે એમ જણાવે છે - તંત્રી)*

જેના વીશે વીજ્ઞાને હજી પુરો પ્રકાશ પાડયો નથી, સંશોધનો શરુ છે તેવા બ્રહ્માંડ સર્જન કે સજીવ સર્જન ને અજ્ઞેયવાદ - રહસ્યવાદના ખાનામાં મુકીને આપણે જાણે કોઈ મોટું રહસ્ય શોધ્યું હોય તેમ ફુલાઈ જવાની જરુર જ નથી.

ઈંગરસોલ, રસેલ, ખુશવંતસીંહ કે અરુણ શૌરી અજ્ઞેયવાદમાં માને તેથી કંઈ ખટાઉએ કે જે.પી. મહેતાએ માનવું જ, એ જરુરી નથી. રેશનાલીઝમમાં પણ મારા મતે ૮૦ થી ૯૦% અજ્ઞેયવાદીઓ છે જ, પણ જેણે પુર્વગ્રહોથી મુક્ત રેશનાલીસ્ટ બનવું છે તેને આવી દહીં-દુધવૃત્તી ન જ પોશાય.

રહસ્યો જ્યાં સુધી ખુલ્યા નથી, ત્યાં સુધી વીશ્વાસ રાખવો ઘટે કે એક દીવસ માત્ર ખગોળ વીજ્ઞાન જ બ્રહ્માંડ વીશેનો ભેદ જાણશે અને ત્યાં સુધી તેનો રચનાર કોણ ? કે જરુર કોઈ રચનાર છે જ તેવી વાતો બાલીશ જ લાગે. કદાચ એ કલ્પના રમ્ય લાગે તો પણ એ ભુલવું ના જોઈએ કે એ બીજમાંથી જ ગુરુવાદ, આધ્યાત્મ, ધર્મ, ઈશ્વરત્વનાં ફણગાં ફુટે છે.

અંતે બ્રહ્માંડસર્જનને વૈજ્ઞાનીકો પર જ છોડી દઈને - 'કોઈ' છે ની ભ્રમણામાં ન રાચીએ એ જ વીવેકબુધ્ધી ગણાય. ખટાઉનો અજ્ઞેયવાદ શબ્દ જ સુચવે છે કે હજી કંઈક શોધવાનું બાકી છે.

જો એ પ્રદેશ અંધારીયો જ છે તો પછી તેના પડદા પાછળ કોઈ દેવત્વ કે ઈશ્વરની કલ્પના જ કુકલ્પના કે તરંગરુપ ગણાય. એક નનૈયો સો દુ:ખ હણે.

– પ્રા. જે. પી. મહેતા

બી-૫, પંચશીલ, વીદ્યાભવન સામે, ઘાટકોપર (પુર્વ), મુંબઈ

અજ્ઞેયવાદ એ અવઢવનો પ્રદેશ નથી !

વીવેકપંથીનાં ૭૦મા અંકમાં "અજ્ઞેયવાદ શું અંધારીયો પ્રદેશ છે ?" શીર્ષકના લેખમાં લક્ષ્મીદાસ ખટાઉનાં વીચારો મનનીય છે. અજ્ઞેયવાદ અંધારીયો પ્રદેશ નથી જ. જ્યાં સુધી આપણી વીવેકબુધ્ધી કોઈ વાત ના સ્વીકારે ત્યાં સુધી એ વાતનો સ્વીકાર ના કરવો એ તો રેશનલ અભીગમ જ થયો ગણાય. અંધશ્રધ્ધા, વહેમ, વીધી-વીધાન, કર્મ-કાંડ, જ્યોતીશ, વાસ્તુશાસ્ત્ર વગેરે તર્ક અને બુધ્ધીમાં નથી બેસતા માટે આપણે એને નકારીએ એ રેશનલ અભીગમ થયો કહેવાય. પરંતુ ઈશ્વરના અસ્તીત્વ વીશે જ્યારે વીજ્ઞાન પણ છાતી ઠોકીને કશું નક્કર ના કહી શકતું હોય ત્યારે તેના સ્વીકાર અને નકાર કરવાનું જરા વહેલું ગણાશે

રેશનાલીઝમનો પાયો છે વીજ્ઞાન, તો યક્ષ પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે ક્યા વૈજ્ઞાનીકે અને વીશ્વની કઈ પ્રયોગશાળામાં એ સાબીત થયું કે ઈશ્વર છે યા નથી ? આ ક્ષેત્રે સંશોધન કરનાર મરણીયા એવા વૈજ્ઞાનીકો હજુ માથું ખંજવાળતા હોય તો આપણા જેવા પામર કીનારે બેઠાં છબછબીયાં કરવામાત્રથી કઈ રીતે કહી શકીએ કે ઈશ્વર નથી યા છે ?

એક ગોશ્ઠીમાં રેશનાલીઝમનાં ભીશ્મપીતામહ એવા રમણ પાઠકને જ્યારે એમ પુછયું હતું કે : સાહેબ, વીશ્વની કઈ પ્રયોગશાળામાં એવું સાબીત અને સીધ્ધ થઈ ગયું કે ઈશ્વર નથી જ એ બતાવશો ? ત્યારે તેમણે ઉત્તરમાં કહ્યું હતું કે, "દાખલા, દલીલ, તર્કની રીતે વીચારીએ તો "ઈશ્વર નથી"ની ટકાવરી વધે."

જ્યારે વીજ્ઞાનને તો ૯૯.૯૯% પણ સ્વીકાર્ય નથી. વીજ્ઞાનને તો ૧૦૦% થી ઓછું ખપે જ નહીં. વીજ્ઞાનનાં દ્રશ્ટીકોણથી વીચારીએ તો ઈશ્વરના હોવા યા ના હોવા વીશે જો ૦.૧% પણ અવઢવ હોય તો વીજ્ઞાન એને સ્વીકારતું નથી.

ઘણા મીત્રો એવી દલીલ કરતા હોય છે કે રેશનાલીસ્ટ છો છતાંય ઈશ્વરના અસ્તીત્વ માટે અવઢવમાં કેમ રહો છો ? કોઈ નીર્ણય કેમ લેતા નથી? ત્યારે જવાબમાં કહેવું પડે છે કે આ કોઈ એસ.એસ.સી. કે એચ.એસ.સી. નું પ્રશ્નપત્ર થોડું છે કે ત્રણ કલાકમાં હા યા ના નો જવાબ આપી દઈએ !

તથાગત એવા બુધ્ધ ભગવાનનાં રેશનલ વીચાર પ્રમાણે ચાલીએ કે "જ્યાં સુધી આપણી બુધ્ધી કોઈ બાબતમાં માને નહીં, ત્યાં સુધી તેનો સ્વીકાર ના કરવો" એના જેવું ઉત્તમ બીજું કશું નહીં ! અજ્ઞેયવાદ એ અંધારીયો પ્રદેશ તો નથી જ !

– પી.ડી. સુમેસરા

એ–૨૪, હરીદર્શન સોસાયટી, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, કતારગામ – સુરત – ૩૯૫૦૦૪

વેબસાઈટ પર રેશનાલીઝમ

જમાના પ્રમાણે આજે દાણા વ્યાવસાયી સામયીકો અને દૈનીકો ઈન્ટરનેટ પર વાંચી શકાય છે તેવા પ્રતીશ્ઠીત પ્રકાશનો સાથે હવે 'વીવેકપંથી' અને 'નયામાર્ગ' પણ ઈન્ટરનેટ પર વાંચી શકાશે એ સમાચાર અત્યંત મહત્ત્વના છે.

ટેકનોલોજીના અભુતપુર્વ વીકાસ સાથે રેશનાલીઝમ પણ કદમ મીલાવી રહ્યું છે એ કોઈપણ રેશનાલીસ્ટને હરખાવનારી ઘટના છે. સુંદર પ્રસ્તાવના બદલ રમણ પાઠક અને યોગેન્દ્ર વ્યાસને ધન્યવાદ આપવાની સાથે બંને મેગેઝીનોના તંત્રીઓને પણ હું અભીનંદન પાઠવું છું. 'વીવેકપંથી' તો શુધ્ધ રેશનાલીસ્ટ મેગેઝીન જ છે.

આપણે આશા રાખીએ કે ભારતની ૮૦ ટકા અંધશ્રધ્ધાળુ પ્રજાની ટકાવારી આ પ્રયત્નથી ઘટશે.

– ઘનશ્યામ ભરુચા

૪૯, મગનબાગ, સનમીલ રોડ, લોઅર પરેલ, મુંબઈ–૧૩

કસવાળો ધંધો ધર્મનો

અમેરીકામાં ઘણી ફાઈવસ્ટાર હોટલો ધરાવનાર એક અબજપતી ભારતમાં તેવી હોટલો ચાલુ કરવાની સાઈટ પસંદ કરવા પ્રથમ તો મોટાં શહેરોમાં ફર્યો. પણ પછી મોટાં તીર્થસ્થાનો જોવાનું ચાલુ કર્યું. તીરુપતી બાલાજી, શીરડીના સાંઈબાબા, મુંબઈના સીધ્ધીવીનાયક, ગુજરાતના અંબાજી, વીશ્ણુદેવી વગેરે સ્થાનોના નીરીક્ષણ પરથી એને લાગ્યું કે ભારતમાં તો હોટલો કરતાં મંદીરો બાંધવાં સારાં.

હવે વીશ્વના વીકસીત દેશોમાં ફાઈવસ્ટાર મંદીરો એ બાંધવાનો છે. તેના મંદીરોમાં પ્રવેશ માટે રુ. પાંચ થી પાંચ હજાર સુધીની ફી રહેશે. હા, ગરીબો મંદીરના ચોગાનમાં ઉભા રહીને ટીવી પર મફત દર્શન કરી શકશે. ચોક્કસ પ્રકારના ક્રીયાકાંડો અને પુજાઓ યોગ્ય ફી ભરીને તેના મંદીરોમાં કરી શકાશે અને પ્રસાદના પેકેટો બનાવવાનાં કારખાનાં ઉભાં કરાશે.

પ્રચારાર્થે દર્શનથી થતા લાભોની ખાસ સીડી વીડીઓ ફેલાવાશે એટલું જ નહી, પણ તેમાં ચમત્કારોની વાતો પણ સમાવાશે.

મંદીરોમાં થતી આવકમાંથી દર્શનાર્થીઓ માટે થ્રીસ્ટાર અને ફાઈવસ્ટાર ધર્મશાળાઓ બનાવવમાં આવશે. આમ ધર્મનો ધંધો ખુલ્લી રીતે વીકસાવવાનો પ્રથમ પ્રયોગ દક્ષીણ ભારતમાં કરવા અબજોપતી ધંધાર્થી જમીન સંપાદન કરવામાં પરોવાયા છે.

– પ્રવીણ પટેલ

૧૧, આશીર્વાદ એપાર્ટ, રામમંદીર પાસે, ઈન્ડીયા કોલોની ઠક્કર નગર રોડ, અમદાવાદ–૨૪

આગોતરી માહીતી મળે તો....

૭૦મા અંકમાં ગાંધીનગર સંમેલનની વાત વાંચી. જો આવા કોઈપણ આયોજનની આગોતરી માહીતી મળતી હોય તો ઈચ્છુકો હાજરી આપી શકે. કાર્યકરોના ફોન નંબર પણ જણાવેલ હોય તો સંપર્ક થઈ શકે.

– જગન્નાથ કોબ્રા

ટી–૪એ/શાંતીનગર સો. ઉસ્માનપુરા, અમદાવાદ–૧૩

(આગોતરી માહીતી એક તો આયોજકો ઘણી ઘણી વહેલી મોકલી આપે તો જ સમયસર મળવાને અવકાશ રહે. આપણું "વીવેકપંથી" માસીક છે અને ટપાલમાં પધરાવ્યા પછી પણ ટપાલ ખાતાની મુન્સફી પ્રમાણે તમને મળતાં ૧૦ થી ૨૦ દીવસ પણ લાગી જતા હોય છે. આ કારણસર આગોતરી માહીતી મુશ્કેલ જણાય છે.– તંત્રી)

રેશનાલીઝમને બળવત્તર બનાવવા

"મીશન માટે મહીને રુ.૧૦૦/– પણ શું હું ના ફાળવી શકું ?"

એવો વીચાર આવતાંની સાથે મીત્ર જવાહર મહેતાએ એને અમલમાં મુકી દીધો અને વર્શે **રુ. ૧૨૦૦/–** ની સ્કીમ ચાલુ થઈ.

"વીવેકપંથી"ને વધુ સક્ષમ બનાવતાંની સાથે રેશનાલીઝમના પ્રચારાર્થે અન્ય ઘણા પ્રયતનો કરવાના છે.

તમારા સહકાર વીના એ કેમ થશે ?

આજે જ રુ. ૧૨૦૦ **VIVEKPANTHI** નો નામનો A/C PAYEE ચેક રવાના કરી દો.

નહી, તો ય વાર્શીક **લવાજમના રુ. ૧૦૦/–** તો મનીઓર્ડર તો કરી જ શકાય ને !

કાર્યાલયનું સરનામું પહેલે અને છેલ્લે પાને છે જ.

ચમકારો

શ્રીનાથજી માટે આવું બોલાય ?

એકતા કપુર એના મનમાં સમજે છે શું ? શું વૈશણવોને એ ગાફેલ ધારે છે ? એની "સાંસ ભી કભી બહુ થી"નું એક પાત્ર "ઠાકોરજી જાય ભાડમાં" એવું બોલી જાય અને વૈશણવો સાંભળીને બેઠા રહે, એમ ?

અને વૈશણવો વીફર્યા જ.

પણ એકતા દીકરી ડાહી ખરી ! સમજી ગઈ કે આ તો આપણા ધંધાને જ નુકસાન થવા બેઠું છે. તરત માફી માંગી લીધી. ઠાકોરજીનું ઠાકારેજી જાણે, આપણે આપણો ધંધો શા માટે બગાડવો ?

"સાંજ સુધીમાં જો રુપીયા પચ્ચીસ હજાર ચુકવી શકીશ નહી તો મારે ઝેર ઘોળવાનો વારો આવશે."

"એક બાટલીના કેટલા લાગે છે ?"

★

"તેં ભગવાન પાસે શું માગ્યું.?"

"મરતાં પહેલાં સો તોલા સોને મઢાઉ અને મોંઘામાં મોંઘાં સાડી–સેલાં પહેરી લઉ. અને તમે શું માગ્યું?"

"તારી ઈચ્છાપુર્તી કરી શકું તેટલો અપ્રમાણીક બનવાની હીંમત !"

★

"માફ કરજો સાહેબ, હું પૈસાનું પાકીટ લેતાં ભુલી ગયો છું. તમારી હોટલનું બીલ ચુકવવા માટે પૈસા લાવું ત્યાં સુધી જામીન તરીકે મારી પત્નીને બેસાડી જાઉં તો ચાલશે?"

"જી ના. જામીન મુકવા તમારી પાસે બીજું કંઈ નથી?

"કેમ ? મારી પત્નીની કોઈ કીંમત નહીં ?"

"કીંમત તો ખરી, પણ મારે ઘેર એક પત્ની છે ને બીજી બે હોટલમાં જામીન તરીકે પડી છે."

લેખક પત્ની : અડધી રાત થઈ, હવે તો બત્તી બંધ કરીને સુઈ જાવ ને મને પણ સુવા દો.

લેખક : તું આંખ બંધ કરીને સુઈ જા. મારી વાર્તાની નાયીકાને ગુંડાના સકંચામાંથી છોડાવીશ નહી ત્યાં સુધી મને ઉંઘ નહી આવે.

પત્ની : તમારી નાયીકા સગીર છે કે પુખ્ત થઈ ગઈ છે ?

લેખક : એ તો આધેડ છે.

પત્ની : તો તમે સુઈ જાવ, ગુંડો એની મેળે છોડી દેશે.

★

"ડોક્ટર સાહેબ, મને કેટલીક વખત ચક્કર આવે છે અને એકના બે દેખાવા માંડે છે. બહુ ચીંતા થાય છે."

"તમારે દવાની જરુર નથી. જ્યારે એવું થાય ત્યારે પૈસા ગણવા બેસી જવું. ચીંતાના બદલે આંનદ થશે."

★

"પપ્પા તમને મારી કોઈ કીંમત જ નથી?"

"એવું કેમ બોલે છે બેટા ? તું તો મારા માટે સવા લાખનો છે."

"તો મારા હીસાબમાં લખીને મને પચ્ચીસ હજાર આપશો ?

PRINTED BOOK

To,

From :

વીવેકપંથી
C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Datta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East),
Mumbai - 400 093.

Printed by REAL PRINT SERVICES, Fort, Mumbai - 400001. • Cell : 93237 31040